**સુવિચાર**
ખોટુ કરવા માટે નહી પણ ખોટુ ન કરવા માટે હિંમત જોઈએ !
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૪/૦૬/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ જેઠ સુદ-૯ વર્ષ : ૧૬ અંક : ૧૪૮

SINCE 1999
હરિ ૐ
PENDAWALA
નેચરલ શિખંડ/મઠો
બટર સ્કોચ શિખંડ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૬,અમરેલી,મો.8999990099

WE ARE HIRING
OPEN POSITION
Computer Operators (Femals Staff)
Administrative Staff (Femals Staff)
Apply Now  Send your resume to :
dr.arpanjani@gmail.com
For More information  Mo : 79846 91227
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી

## માળખાકીય સુવિધાઓ, શિક્ષણ, આરોગ્ય અને રોજગારી સહિતનાં પ્રશ્નોને લઈને

# જિલ્લાની જનસંખ્યામાં ઘટાડો થાય તો નવાઈ નહી

**છેલ્લી વસ્તી ગણતરી ૧૪ વર્ષ પહેલા થયેલ અને બાદમાં હજુ સુધી વસ્તી ગણતરી કરાઈ નથી**

**આગામી એકાદ-બે વર્ષમાં વસ્તી ગણતરી થાય તો ૨૦૧૧નાં આંકડા સુધી પહોંચે કે કેમ તે જોવું રહ્યું**

**જિલ્લાનાં સેંકડો ગામો ઉપરાંત તાલુકા મથકોએથી પણ સ્થળાંતર થતું હોવાનું સૌ નિહાળે છે**

**યુવા પેઢીને ગ્રામ્ય વિસ્તારની અસુવિધા વચ્ચે જીવન પસાર કરવું નથી તે પણ વાસ્તવિકતા છે**

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તાર, તાલુકા મથક અને જિલ્લાના મુખ્યમથકમાંથીઅનેકપરિવારોશિક્ષણ, આરોગ્ય, રોજગારી કે માળખાકીય સુવિધાનાંઅભાવેરાજકોટ,અમદાવાદ, વડોદરા, સુરત, મુંબઈ કે વિદેશ સુધી સ્થળાંતર કરવા મજબુર બન્યા હોય તેવુ સ્પષ્ટ જોવા મળી રહયું છે.

આજનાં આધુનિક યુગમાં યુવાપેઢીને ગ્રામ્ય વિસ્તારથી લઈને મધ્યમકક્ષાનાં શહેરમાં જીવન પસાર કરવુ પસંદ નથી તે હકીકત પણ સ્થળાંતર માટે જવાબદાર છે.

રાજય અને દેશનાં મહાનગરોની જીવનશૈલી યુવાપેઢીને આકર્ષિ રહી છે તો નાના અને મધ્યમ કક્ષાનાં શહેરમાં કોઈ વાલીઓને તેમના દિકરાનાં લગ્ન કરાવાહોયતો કોઈ દિકરી લગ્ન કરવા તૈયાર નથી તે પણ હકીકત છે.

તદ્ઉપરાંત શિક્ષણ,

**અનુસંધાન પાના ૬ ઉપર**

## છેલ્લા એક મહિનાથી મુશ્કેલી વધી

# વીજપડી પંથકમાં ખેતીવાડીમાં અપુરતી વીજળીથી પરેશાન

**અપુરતા કર્મચારીઓની ખાલી જગ્યા ભરવી જરૂરી**

વિજપડી, તા. ૩

વિજપડી પીજીવીસીએલ કચેરીમાં લાઈન સ્ટાફ ૪૦% જેટલો જ છે અને પર ગામમાં અપુરતો સ્ટાફ છે અને ફીડરો છાસવારે બધા ફોલ્ટમાં જાય ત્યારે બે બે દિવસ સુધી ખેતીવાડીમાં વિજ પાવર મળતો નથી ખેડૂતોએ મોંઘા ભાવેના બિયારણો વાવેતર કરી પીયત આપવા વિજ પાવર છેલ્લા એક માસથી સમયસર સળંગ મળતો નથી બે બે દિવસ સુધી ખેતીવાડી વિજ પાવર ફોલ્ટ સમસ્યા હલ થતી નથી.

પીજીવીસીએલ કચેરીના ઉચ્ચ અધિકારીઓને સમસ્યા હલ કરવામાં જરા પણ રસ નથી ગયા મહિને ભયાનક વાવાઝોડું અને

**અનુસંધાન પાના ૬ ઉપર**

## ''અમરેલી એક્સપ્રેસ''માં અહેવાલ પ્રસિધ્ધ થતા તંત્ર દોડયુ

# અંતે અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલનાં પ્રવેશ દ્વારે જમા થયેલ ગંદકીનો નિકાલ કરી દેવાયો

**પ્રવેશ દ્વારેથી ગંધાતા પાણી દુર થતાં દર્દીઓ સહિત સૌ કોઈમાં રાહત**



અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લામાં સૌથી મોટી સરકારીહોસ્પિટલઅમરેલીનીશાંતાબા જનરલ હોસ્પિટલ આવેલી છે. આ હોસ્પિટલમાં જિલ્લાભરમાંથી લોકો

**અનુસંધાન પાના ૬ ઉપર**

Gold Project
અમારી નવી યોજના 'Gold Project'
યોજનાની વધુ માહિતી માટે સંપર્ક કરશો
શ્રીજી કન્સલ્ટન્સી
C/o સોના રૂપા જવેલર્સ,દાણા બજાર, ટાવર પાસે-અમરેલી
સમય : બપોરે ૪:૦૦ કલાક થી ૭:૦૦ કલાક
Mo. 94261 25285

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪




તૈયાર ફાર્મ હાઉસ વેચવાનું છે
અમરેલીથી માત્ર ૫ (પાંચ) કી.મી.દુર આવેલ રાજકોટ રોડ ઉપર, સ્ટેટ હાઈ-વે થી માત્ર ૭૦૦ મીટર દુર તૈયાર ફાર્મ હાઉસ વેચવાનું છે.
સાડા પાંચ વીઘા જમીન, ૧૫x૨૦ ની એટેચ સંડાસ બાથરૂમ સાથેની રૂમ, બે બોરવેલ, સબમર્સીબલ, ફુલ પાણી, ઈલેક્ટ્રીક લાઈટ કનેક્શન, શેડ સાથેનું તૈયાર ફાર્મ હાઉસ વેચાણથી આપવાનું છે.
સંપર્ક : ૯૮૨૫૫ ૬૨૩૬૧

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
87,100/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૩/૦૬/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ
:: એડ્રેસ :: ગણેશ પાર્ટી પ્લોટ સામે, લાઠી રોડ, અમરેલી
કાર્યક્ષેત્ર ::- ધો-9 થી 12 સાયન્સ/કોમર્સ/RENEET
:: શૈક્ષણિક વિશેષતાઓ ::
✓ હવે અમરેલીના વિદ્યાર્થીઓ પણ (JEE-NEET) Foundation ની તૈયારી કરશે.
✓ જ્યાં વધે Advance Maths-Science, રીઝનિંગ English અને ની અપ ટુ ડેટ તૈયારી.
... સ્કોલરશીપ યોજના...
ધોરણ 8 95% ઉપર 9 મું FREE
ધોરણ 9 95% ઉપર 10 મું FREE
ધો.8-9 માં 80% ઉપર મેળવનાર વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલશીપ મેળવી શકશે.
મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે અમરેલીમાં સૌપ્રથમ વાર...
ધો :- 9 & 10
થી જ JEE-NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા
# કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
સિલેબસ પક હેતુલક્ષી પ્રશ્નો ::
15 MATHS+15 SCI + 10 ENG.+ 10 S.S.
કૃણાલ ધોળકીયા Maths, M.Sc.,B.Ed. અનુભવ 10 વર્ષ
96645 82254/95863 68637
પંડ્યા મનોજભાઈ Science, M.Sc.,B.Ed. અનુભવ 14 વર્ષ
ધો.11-12 કોમર્સ હવે વિદ્યાગુરૂ માં...
● Smart Board ધરાવતા ક્લાસ..
● અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.
ADMISSION OPEN - 2025
ધોરણ 11 થી જ CA,CS & CMA FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા
ધો.-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...
# કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
ભાઈઓ-બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ
93287 12928 / 76 220 22086

## રાત્રિનાં મોટી સંખ્યામાં શહેરીજનો ગરમીમાં રાહત મેળવવા બેસતા હોવા છતાં

# અમરેલીનાં ગૌરવસમા ''સરદાર સર્કલ''ની લાઈટ ૪ દિવસથી બંધ

**શહેરમાં છેલ્લા ૧ વર્ષથી એક હજાર જેટલી સ્ટ્રીટલાઈટ બંધ થતાં પાલિકાનાં શાસકોને કોઈ ચિંતા નથી**

**A–ગ્રેડની પાલિકામાં છેલ્લા ૩ મહિનાથી ચીફ ઓફિસરની જગ્યા ખાલી**

**જિલ્લા પુરવઠા અધિકારીને ચાર્જ હોવા છતાં પાલિકાનાં કર્મચારીઓ ફરજમાં બેદરકાર**

**રખડતા પશુઓ, અનિયમિત પાણી વિતરણ, બિસ્માર માર્ગો જેવી અનેક સમસ્યાઓ યથાવત**

અમરેલી, તા. ૩

અમરેલી એ જિલ્લાનું મુખ્ય મથક છે. શહેરની જનસંખ્યા દોઢ લાખ જેટલી હોવાનું માનવામાં આવે છે અને જિલ્લાનાં મુખ્ય મથકને સુંદર અને રળીયામણું બનાવવાની જવાબદારી પાલિકાની હોય છે. પરંતુ પાલિકામાં ચીફ ઓફિસર સહિતનાં અધિકારીઓ અને સેંકડો કર્મચારીઓની જગ્યા ખાલી જોવા મળે છે.

પાલિકામાં અધિકારીઓ અને કર્મચારીઓનો અભાવ અને જે કર્મચારીઓ છે તેઓ પણ કામનાં ભારણથી કે ચીફ ઓફિસર કે જનપ્રતિનિધિઓની સક્રીયતાનાં અભાવે જનતાની સુવિધા વધારતા નથી કે જનતાની પરેશાની દૂર કરતા નથી તે હકીકત છે.

શહેરનાં ગૌરવસમા ''સરદાર સર્કલ''ની હાઈરાઈઝ લાઈટ છેલ્લા ૪ દિવસથી બંધ છે. સર્કલ નીચે અને આસપાસ મોટી સંખ્યામાં શહેરીજનો રાત્રિનાં સમયે બેસતા હોય. નજીકમાં આવેલ સીનીયર સિટીઝન પાર્કમાં સપ્તાહ ચાલી ચાલી રહી છે જેમાં મોટી સંખ્યામાં ધાર્મિકજનો રાત્રિનાં સમયે પધારતાં હોય છે. બાળકો, મહિલાઓ અને વૃધ્ધોની પણ અવરજવર હોવા છતાં સરદાર સર્કલ આસપાસની અનેક સ્ટ્રીટલાઈટ બંધ જોવા મળી રહી છે.

સાથોસાથ ચિતલ રોડ, વરસડા રોડ સહિતનાં અન્ય માર્ગો ઉપરાંત અનેક રહેણાંક વિસ્તાર મળી અંદાજિત એક હજાર જેટલી સ્ટ્રીટલાઈટ ૧ વર્ષથી બંધ જોવા મળી રહી છે.

શહેરમાં રખડતા પશુઓ, અનિયમિત પાણી વિતરણ, જાહેર માર્ગો પરનું દબાણ, ઉબડખાબડ માર્ગો સહિતની સમસ્યાઓનું પણ પાલિકાનાં શાસકો પાસે કોઈ નિરાકરણ જોવા મળતું ન હોય શહેરીજનો ભાજપ શાસિત પાલિકાથી તોબા પોકારી ચુકયા છે.

**સસ્તાભાવે ગેસ સીલીન્ડરનાં નામે ફ્રોડ કર્યુ**

## સાયબર ફ્રોડનાં ગુન્હાનાં આરોપીને મરિન પિપાવાવ પોલીસે ઝડપી લીધો

**હામાપુર ગામેથી આરોપીની અટકાયત**



અમરેલી, તા. ૩

મરીન પિપાવાવ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એ.આર. છોવાળા તથા પોલીસ સ્ટાફ દ્વારા બાતમીના આધારે એક આરોપી સાયબર ફ્રોડનો ગુન્હો કરી પોતાના વતનમાંનાશીગયેલઆરોપીનેટેકનીકલ અનેહ્યુમનસોર્સથીપકડીપાડીધોરણસર કાર્યવાહી કરેલ છે.

બનાવનું કારણ એવુ છે કે, મો.નં. ૬૩૫૨૪૪૪૧૮૧ વાળા અજાણ્યાઈસમેઈન્ડીયનગેસમાંથીબોલું છું તેમ કહી તમારે ગેસસિલીન્ડર જોઈતો હોય તો અત્યારે સ્કીમ છે રૂપિયા ૩૬૦૦માં ગેસના બે બોટલ તથા બે ચૂલા તથા બે રેગ્યુલેટર આવે છે. તેવી સ્કીમ આપી તેમ કહી રાજુલા તાલુકાના ભેરાઈ ગામે રહેતા શિવાભાઈ રામભાઈ રામ તથા અન્ય ત્રણ સાહેદોને વિસમાં લઈ તેમની પાસેથી કુલ રૂપિયા ૧૪,૪૦૦ના G-PAY તથા PHONE PAYના સ્કેનરના UPI ID- vvegad009@oksbiમાં ટ્રાન્જેકશન કરાવી છેતરપીંડી કરી ગુન્હો કરેલ. જે ગુન્હામાં પોલીસે બગસરા તાલુકાના હામાપુર ગામે રહેતા આરોપી સાગરભાઈ કિશોરભાઈ ડોબરીયાને ઝડપી પાડી આગળની ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

**સફાઈકર્મીઓ, વાલમેન, ડ્રાઈવર સહિતનાં પગાર પણ અપાતા નથી**

## લ્યો બોલો : ધારી ગ્રામ પંચાયતનુ નગરપાલિકામાં રૂપાંતર થયા બાદ સુવિધા તો ન વધી ઉલ્ટાની પરેશાની વધી

**કાળઝાળ મોંઘવારીમાં કર્મચારીઓને ઘરનુ ગુજરાન ચલાવવુ મુશ્કેલ**



તસ્વીર : નુરૂદીન ચાવડા–ધારી

ધારી, તા. ૩

ધારી નગરપાલિકા અસ્તિત્વમાં આવી ત્યારથી જ કોઈને કોઈ વિવાદમાં તો હોય જ છે. સફાઈના પ્રશ્નો પાણીના પ્રશ્નો રોડ રસ્તાના પ્રશ્નો ગામના વિકાસના પ્રશ્નો જેવી અનેક બાબતોના પ્રશ્નો સામે કયાંયને કયાંય નગરપાલિકા વામણી સાબિત થઈ હોય તેવું જણાઈ રહ્યું છે.

હાલ નગરપાલિકા ખાતે પૂરતું કર્મચારીઓનું સેટઅપ પણ નથી. તેમજ નગરપાલિકામા કામ કરતા વાલમેનો, ડ્રાઈવર, સફાઈ, કામદાર સહિતના લોકોને છેલ્લા ઘણા સમયથી પગાર ચુકવવામાં આવતો નથી.

જે પગારની બાબતને લઈને નગરપાલિકાના તમામ કામદારો આજે નગરપાલિકા ખાતે એકઠા થઈને પગારની માંગણી સાથે સુત્રોચ્ચાર પણ કર્યા હતા.

આજના મોંઘવારીના યુગમાં સામાન્ય માણસને જીવન પરિવાર કેમ ચલાવવુંએ મોટો પ્રશ્ન છે ત્યારે આવા નાના માણસોના પગાર કેવા કારણોસર નથી થતા એ પણ એક ચર્ચાનો વિષય છે.

ત્યારે નગરપાલિકાના તમામ કામદારો દ્વારા આજે સવારથી જ ધારી નગરપાલિકા ખાતે એકઠા થઈને પગારની માંગણી કરી હતી. હવે જોવાનું રહ્યું કે નગરપાલિકા દ્વારા કામદારોના પગાર થાય છે કે ફરી કામદારો શોષણનો ભોગ બને છે.

**વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન અંતર્ગત**

## બાબરાનાં સુખપુર ગામે રથનું સ્વાગત કરવામાં આવ્યુ

**જિલ્લા પંચાયતનાં સદસ્યનાં પતિ નીતિનભાઈ રાઠોડ સહિતનાં આગેવાનો જોડાયા**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩

બાબરા તાલુકાના સુખપર ગામે વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન હેઠળ કૃષિરથ ગામમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ, સરપંચ વલ્લભભાઈ બારૈયા, યાર્ડના ડિરેકટર ગોવિંદભાઈ ગોરધનભાઈ ઝાપડિયા, કાનભાઈ શેખ, લાલભાઈ ગોરી, જેરામભાઈ મકવાણા, કસાભાઈ ઝાપડિયા, વાઘજીભાઈ ઘોડાં, તેજાભાઈ સહિતના સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અને ગામમાં કૃષિરથનું શાનદાર સ્વાગત કરવામાં આવ્યું હતું.

અને ત્યારબાદ અધિકારીઓ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અને ખાતર બિયારણ દવાનો છંટકાવ કેવી રીતે કરવો તેના વિશે અધિકારીઓએ ખેડૂતોને માહિતગાર કર્યા હતા.

**આગામી ૨૨ જુનનાં રોજ મતદાન થવાનું હોય દોડધામ મચી**

## અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો ધમધમાટ શરૂ થયો : ઉમેદવારીપત્રકો રજુ થવા લાગ્યા

**સરપંચ પદ માટે ૩ અને સદસ્ય માટે ૧૩ ઉમેદવારી પત્રકો ભરાયા**

અમરેલી, તા. ૩

અમરેલીજિલ્લામાંઆગામી તા. ૨૨ના રોજ ૨૮૯ જેટલી ગ્રામ પંચાયતનીચુંટણીઓયોજાનારછે.જેઅંગે ગઈકાલેસતાવરરીતેજાહેરનામુંપ્રસિધ્ધ થતાંની સાથે જ ઉમેદવારી પત્ર ભરાવવાની પ્રકિયા શરૂ થઈ જતાં અમરેલીમાં આજે ઉમેદવારી ફોર્મ ભરવાના બીજા દિવસે સરપંચના ઉમેદવાર માટે લાઠી તાલુકામાંથી ૧, બાબરા તાલુકામાંથી ૧ તથા જાફરાબાદ તાલુકામાંથી ૧ મળી કુલ ૩ ઉમેદવારપત્ર ભરાયા છે.

જયારેગ્રામપંચાયતનાસભ્ય પદમાટેનાઆજેઉમેદવારીફોર્મભરવાના બીજા દિવસે લાઠી તાલુકામાંથી ૫ ઉમેદવારી પત્રો લીલીયા તાલુકામાંથી ૪ ઉમેદવારી પત્રો, બાબરા તાલુકામાંથી ૩ ઉમેદવારીપત્રો તથા ધારીમાંથી ૧ મળી કુલ ૧૩ ઉમેદવારીપત્રોસભ્યપદમાટેરજુ થયા છે.

જયારે ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ ૯ જુન રહેશે. જયારે ઉમેદવારી પત્રકોની ચકાસણી તા.૧૦ જુને થશે અને ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ.૧૧ જુન રહેશે. જયારે આગામી તા.૨૨ જુન રોજ સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી બેલેટ પેપરથી મતદાન થશે.

અમરેલી જિલ્લામાં ૩૦૭ ગ્રામોમાં પંચાયતની ચુંટણીની જાહેરાત કરવામાં આવેલ હતી. આ માટે ગઈકાલ સોમવારથી ઉમેદવારીપત્રો ભરવાની શરૂઆત થઈ જવા પામેલ હતી. જેના કારણેસ્થાનિકરાજકારણગરમાયુંછે. તો બીજી તરફ બગસરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારનીગ્રામપંચાયતનીચુંટણીવધુએક વખત લંબાઈ છે.

અમરેલીજિલ્લામાંબેકરતા પણ વધારે વર્ષોથી ગ્રામ પંચાયતોની ચુંટણી અદ્ધરતાલ હતી. અને ધારાસભાની તથા લોકસભાની ચુંટણી પુર્ણથઈ જવાછતાંપણ ગ્રામ પંચાયતોની ચુંટણીનીજાહેરાતથઈ નહોતી. અનામત બેઠકોનું કોકડું ઉકેલાયા બાદ અંતે અમરેલી જિલ્લામાં ગામડાઓમાં ચુંટણીની જાહેરાત કરવામાં આવી છે. અમરેલી જિલ્લામાં મોટા ભાગના ગામોમાં ચુંટણીના વિવાદોના બદલે સમરસતાથી ચુંટણી યોજવામાં આવે તે માટે રાજકીય આગેવાનો ધ્વારા કરાવત હાથ ધરવામાં આવી છે. અમરેલી જિલ્લામાં ભાજપના બહુમતવાળા ગામો સમસ્યા બને તેવી શકયતા છે.

આવચ્ચેબગસરાતાલુકાના ૨૯ ગામોમાં ચુંટણી યોજવાની બાકી છે. તેમાં ચુંટણી જાહેર થવાની હતી પણ વિસાવદર વિધાનસભા બેઠકની ચુંટણી જાહેર કરવામાં આવી છે. તેમાં બગસરા તાલુકાના ગામોનો પણ સમાવેશ થાયછે. આ કારણેબગસરાતાલુકાનાઆગામોમાં ગ્રામ પંચાયતની ચુંટણી મુલતવી રાખવામાં આવી છે. તેથી ત્યા ગ્રામ પંચાયતોની ચુંટણી પાછળથી યોજવામાં આવશે.

**માય રેશન મોબાઈલ એપ્લિકેશન દ્વારા ફેસ ઓથેન્ટિફિકેશન મારફતે**

## અમરેલી જિલ્લાના રેશનકાર્ડ ધારકોને e-KYC કરાવવા માટે હજી પણ તક

**નાગરિકો માટે ઘર બેઠાં પણ e-KYCની સુવિધા ઉપલબ્ધ**

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લાના નાગરિકો મામલતદાર કચેરી, જે–તે ગામના વી.સી. તેમજ ગામની સસ્તા અનાજના દુકાનદાર પાસે રેશનકાર્ડ ઈ–કેવાયસી કરાવી શકશે. આ ઉપરાંત નાગરિકો માય રેશન મોબાઈલ એપ્લિકેશન દ્વારા ઘર બેઠાં પણ ફેસ ઓથેન્ટિફિકેશન મારફતે ઈ–કેવાયસી કરી શકે છે. જે નાગરિકોએ ઈ–કેવાયસી કરાવ્યું છે. તેમને અનાજનો જથ્થો વિતરિત કરવામાં આવી રહ્યો છે. જે લોકોએ ઈ–કેવાયસી કરાવવાનું બાકી છે. તેઓને ઈ–કેવાયસી કરાવી લીધા બાદ તેમને અનાજનો જથ્થો આપવામાં આવશે. ઈ–કેવાયસી બાકી હોય તેવા તમામ રેશનકાર્ડધારકોને બનતી ત્વરાએ ઈ–કેવાયસી કરાવી લેવા પુરવઠા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે, તેમ અમરેલી જિલ્લા પુરવઠા અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# અમરેલી ખાતે નાગરિકો સહિત પોલીસ જવાનો વોકાથોનમાં જોડાયા



તા.૫ જૂન 'વિશ્વ પર્યાવરણ દિવસ'ના અનુસંધાને અમરેલી જિલ્લામાં જનજાગૃત્તિલક્ષી કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૫માં પર્યાવરણ દિવસની ઉજવણી અર્થે ''જગતભરમાં પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત લાવો'' થીમ હેઠળ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. પર્યાવરણ પ્રત્યે જનજાગૃત્તિ વધે અને પ્લાસ્ટિકનો ઉપયોગ સદંતર બંધ કરવામાં આવે તે માટે શાળા કોલેજ કક્ષાએ વકૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વૃક્ષારોપણ, વોકાથોન સહિતના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. પર્યાવરણ દિવસની પૂર્વ ઉજવણીના સંદર્ભેઅમરેલી શહેર ખાતે વોકાથોનનનું સફળ આયોજન હાથ ધરવામાં આવ્યુ હતુ. અમરેલી પ્રાંત અધિકારી નાકિયા, અમરેલી જિલ્લા યુવા વિકાસ અધિકારી, વિવિધ રમત ગમતના કોચઓ, પોલીસ જવાનો સહિત શહેરના નાગરિકો વોકાથોનમાં જોડાયા હતા અને વોકાથોનને સફળ બનાવી હતી. અમરેલી શાંતાબા મેડિકલ કોલેજ ખાતે 'વિ પર્યાવરણ દિવસ'ના અનુસંધાને પ્લાસ્ટિક ઉપયોગ અટકે તે માટે પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, પર્યાવરણ પ્રત્યે નાગરિકોમાં જાગૃત્તિ આવે તે માટે નાગરિકોએ સ્વયંશિસ્ત કેળવવી જરૂરી છે. સિંગલ યુઝ પ્લાસ્ટિકના કારણે પ્રદૂષણમાં સતત વધારો થઈ રહ્યો છે સાથે પ્લાસ્ટિકના કારણે પશુઓના અને માનવના આરોગ્ય પર ખતરો તોળાઈ છે. નાગરિકો જાગૃત્ત બનીને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો કાયમી ધોરણે ઉપયોગ બંધ કરે તે જરૂરી છે. વોકાથોન બાદ ઉપસ્થિત નાગરિકોએ વૃક્ષારોપણ કરીને પર્યાવરણ બચાવવા માટે આહ્વાન કર્યુ હતુ તેમ અમરેલી જિલ્લા રમત ગમત અધિકારીએ એક યાદીમાં જણાવ્યુ છે.

## બગસરા પાલિકાએ વર્ષો સુધી નિયમ વગર વધારે ફી ઉઘરાવી

# મિલ્કત ટ્રાન્સફર ફીનાં નામે લાખો રૂપિયા એકત્ર કર્યા

### મિલ્કત ટ્રાન્સફર ફીની રકમ ટોકન સ્વરૂપે લેવાને બદલે ૧ ટકા લેખે ઉઘરાવી

### કોઈપણ પ્રકારની સુચના, જાહેરનામુ, ઠરાવ વગર વર્ષોથી વધારે રકમ શહેરીજનો પાસેથી લીધી

### નિર્દોષ શહેરીજનો વર્ષોથી પાલિકાની તિજોરી છલકાવતાં હોય છતાં કોઈનું ધ્યાન ન ગયું

### અંતે ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ દિનેશભાઈ હડિયલે આ મામલે રજૂઆત કરી

બગસરા, તા. ૩

બગસરા શહેરનાં લોકોની મિલ્કત ટ્રાન્સફર ફી પાલિકા ધ્વારા વસુલાત કરાતી હતી તે બાબતનું એક સત્ય છે કે પાલિકા પાસે આવો કોઈ પુરાવો નથી કે આ મિલ્કત ટ્રાન્સફરથી વસુલાત કરી શકે, નથી કાર્યાલય કોઈ આદેશ નથી, સરકારનો કોઈ આદેશ વગર કારણે બગસરાની જનતાની ઉપર અધિકારીઓ અને પદાધિકારીઓ ધ્વારા વગર કારણે બોજો નાખી અને વસુલાત કરેલ છે. ગુજરાતની બીજી પાલિકાઓમાં મિલ્કત ટ્રાન્સફર વેરા બાબતે ફિકસ રૂપિયા ૨૫૦ થી ૫૦૦ લેવામાં આવે છે. આ સત્ય છે કે શહેરની જનતા ભોળી છે કોઈ જ પ્રકારની કોઈ



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

હુકમ આજદીન સુધી કોઈએ માંગેલા નથી. તેમ છતાં પાલિકા આ મિલ્કત ટ્રાન્સફર ફીમાં ફેરફાર બાબતે ધારાસભ્ય જે.વી. કાકડીયા તેમજ કૌશિકભાઈ વેકરિયા ધ્વારા આ મિલ્કત ટ્રાન્સફર ફીને ફિકસ રકમમાં કરી આપવામાં આવેલ હતી તે સંદર્ભે પ્રાદેશિક કમિશનર ધ્વારા એક ટકાથી ઘટાડીને મિલ્કત ટ્રાન્સફર ફી ફિકસ રકમમાં કરવામાં આવેલ હતી. તે બાબતે પ્રાદેશિક કમિશનર ભાવનગર ધ્વારા કલમ ૨૫૮ એક મુજબની કાર્યવાહી પણ કરવામાં આવેલ હતી. જે કોઈ લોકોની એક કરોડની મિલ્કત હોય તો નગરપાલિકાએ તેની પાસેથી એક ટકા લેખે વસુલ્યા હતા. આવો કોઈ નિયમ કે કોઈ તેનો હુકમ નથી. ૨૦૦૫ માં વહીવટદાર પી.સી. ઠાકોર ધ્વારા ઠરાવ કરવામાં આવ્યો હતો પરંતુ આ બાબતે વડી કચેરીએ અને સરકારમાં પૂર્ણ રીતે બગસરાના લોકોને મિટીંગ કરી વિશ્વાસમાં લઈને આ ઠરાવ કરવો જોઈએ. પરંતુ તે બાબતે કાંઈ કરવામાં ન આવ્યું હતું અને ૨૦ વર્ષ થયા બગસરા વાસીઓ પાસેથી મિલ્કત વેરાના નામે ખિસ્સા ખંખેરયા હતા. આ બાબતે હવે બગસરા ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ દિનેશભાઈ હડીયલ તથા નિલેશભાઈ દેસાણી રજૂઆતના પગલે મિલ્કત ટ્રાન્સફર ફી બાબતે પ્રાદેશિક કમિશનર ભાવનગર યોગ્ય કાર્યવાહી કરશે તેવી તેમની ભલામણ અને અપેક્ષા છે.

### સમગ્ર લેઉવા પરિવારે બેન્કનાં ચેરમેનને પત્ર પાઠવ્યો

# અમરેલી નાગરિક સહકારી બેન્કમાં સ્વ. પ્રેમજીભાઈ લેઉવાનાં તૈલી ચિત્રને સ્થાન આપો

### ગાંધીવાદી અગ્રણીએ કરેલ ઉમદા કાર્યોને આજે પણ સૌ યાદ કરે છે

અમરેલી, તા. ૩

અમરેલીનાં સમગ્ર લેઉવા પરિવારે અમરેલી નાગરિક સહકારી બેંન્કના ચેરમેન, મેનેજરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ગુજરાતને અમરેલીએ આજ સુધીમાં અનેક રત્નો આપ્યા છે એ પૈકીના બે નામ એવા છે જેના કર્મો જોઈએ તો એની વાતો સાંભળતા જ જેવા તેવા માણસનું આયુષ્ય ખુંટી જાય એવું છે. છેલ્લા શ્વાસ સુધી દેશ અને રાજય માટે કામ કરનાર પ્રેમજીભાઈ થોભણભાઈ લેઉવા (જન્મ ૧ ઓગષ્ટ ૧૯૧૮) છે કદાચ નવી પેઢીને આ નામ અજાણ્યું અથવા તો પ્રથમવાર હોઠે આવતું હોય એવું લાગશે. એમાં વાંક આ નવી પેઢીનો નથી પણ આપણા વ્યવસ્થાતંત્રનો છે કારણ કે દેશ-રાજય માટે પોતાનું સર્વસ્વ આયખુ આપનારની યાદ આપણે એક જાહેર રસ્તા કે જાહેર સ્થળ સાથે જોડી કાયમી સંભારણું બનાવવા માટે આપણે ઉણા ઉતર્યા છીએ આ મહાનુભાવના જીવન ઉપર આપણે એક ડોકયુ કરીએ તો પ્રેમજીભાઈ થોભણભાઈ લેઉવા જેનો જન્મ ૧ ઓગષ્ટ ૧૯૧૮ અમરેલી મુકામે થયો હતો. એ સમયે અંધશ્રધ્ધા અને કુરિવાજોની વચ્ચે પણ સ્વ. પ્રેમજીભાઈ થોભણભાઈ લેઉવા એલ.એલ.બી. સુધીનો ઉચ્ચ અભ્યાસ કરી તેઓ રાજયસભાના સાસંદ ન્યુ



દિલ્લી તરીકે તા. ૭/૮/૧૯૫૨થી ૨/૪/૧૯૫૪થી તા. ૩/૪/૧૯૫૪થી તા. ૨/૪/૧૯૬૦ સુધી રાજયસભાના સાસંદ ન્યુ દિલ્લી તરીકે રહી ચુકેલા હતા. જાહેર જીવનને પ્રાધાન્ય આપી અમરેલી જિલ્લાની વિધાનસભાની કોડીનાર/ધારી બેઠક ઉપરથી પ્રતિનિધિત્વ કરી જંગી બહુમતીથી વિધાનસભાના સભ્ય તરીકે ચુંટાઈ ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે તા. ૨૨/૩/૧૯૬૨થી તા. ૨૮/૨/૧૯૬૭ સુધી જવાબદારીઓ નિભાવી હતી અને સાથે સાથે રાજયસભાના સાસંદ તરીકેની પણ જવાબદારીઓ નિભાવી ત્યારબાદ ફરી ૧૯૬૭માં વિધાનસભાના સભ્ય તરીકે ચુટાઈ રાજય સરકારમાં જુદી જુદી જવાબદારીઓ નીભાવેલ હતી.

આ ઉપરાતં અમરેલી નાગરિક સહકારી બેંકની એક નાના ઓરડા જુબેલી ધર્મશાળાના ભાડાના મકાનમાં તા. ૧૧/૬/૧૯૬૪માં શરૂઆત કરી એમાં ચેરમેન તરીકેની મહત્ત્વની ભૂમિકા ભજવી હતી જે સંસ્થા આજ આપણી સમક્ષ વટવૃક્ષ સમાન ઉભી છે અને નાના અને જરૂરિયાતમંદ પરિવારોની આર્થિક સ્થિતિનું રક્ષણ કરે છે અને ઉપરોકત વિગતો જોતા પ્રેમજીભાઈ થોભણભાઈ લેઉવાએ જીવન પર્યન્ત સમાજકાર્યને જીવન મંત્ર બનાવી અમરેલી જિલ્લાનું નામ આખા રાજયમાં ગર્વ સાથે લેવાય એવું સ્થાન અપાવ્યું છે જે અમરેલી નાગરિક સહકારી બેંકને સ્થાપના દિવસથી ૬૧મું વર્ષ પુર્ણ થવાના નજીક છે તો અમરેલી નાગરિક સહકારી બેંકને સ્થાપનામાં યોગદાન આપનાર પ્રેમજીભાઈ થોભણભાઈ લેઉવા માટે શું કર્યુ ? શું આપણે એમનું સ્મૃતિ પણ નથી સાચવી શકયા ?તો હજુ મોડું નથી થયું. જેથી એમનું તૈલી ચિત્રને નાગરિક સહકારી બેંકમાં સ્થાન અપાય તેવી પણ અમારી લાગણી માંગણી ગ્રાહ્ય રહે તેવી માંગ છે. તેમ અંતમાં જણાવેલ છે.

# બગસરા શરાફી મંડળી દ્વારા બાજપાઈ સહાય નિધિની રકમ ચૂકવામાં આવી


તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૩

બગસરા નાગરિક શરાફી સહકારીમંડળીલી.નીબગસરાશાખાનાં સભાસદ પ્રવિણચંદ્ર મોહનલાલ દેવમુરારીનું આકસ્મિક અવસાન થતા તેમનાં વારસદારને મંડળી તફરથી બાજપાઈ સહાય નિધિની રકમ રૂપિયા ૨૫,૦૦૦/- નો ચેક અર્પણ કરવામાં આવેલ આ વેળાએ મંડળીનાં જનરલ એમ.ડી. નિતેશભાઈ ડોડીયા, શાખા એમ.ડી.મહેશભાઈ વ્યાસ, એડવાઝરી બોર્ડ મેમ્બર વિનુભાઈ ભરખડા સહિતની ઉપસ્થિતિમાં સહાય નિધિનો ચેક અર્પણ કરવામાં આવેલ.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧, મો. ૯૩૧૩૪ ૮૦૮૦૧
પ્રવેશની ઉત્તમ તક...
વર્ષ-૨૦૨૫માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...
શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે
પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
F.Y.B.Com. SEMESTER-1
S.Y.B.Com. SEMESTER-3
T.Y.B.Com. SEMESTER-5
M.Com. SEMESTER-1,3
- ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.
શ્રી ડો. એસ.પી. સિતાપરા પ્રિન્સિપાલ મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
www.mdscollege.org
શ્રીમતિ વનીતા બી. સીતાપરા મેનેજીંગ ટ્રસ્ટી મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮



"અમરેલી એકસપ્રેસ"
અમરેલી શહેરમાં આપને "અમરેલી એકસપ્રેસ" દૈનિક અનિયમિત મળતું હોય તો તુંરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭



જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241








ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦













ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ■ કેળા વેફર્સ ■ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫










### ચીને AI ચિપ્સની નિકાસ, સ્ટુડન્ટ વિઝા પર અંકુશ મુકવાની નીતિનો વિરોધ કર્યો

# અમેરિકા ઈરાદાપૂર્વક વેપાર ઘર્ષણ ઉભું કરતું હોવાનો ચીનનો આક્ષેપ

### યુએસ સેક્રેટરી ઓપ સ્ટેટ માર્કો રુબિઓ દ્વારા સંવેદનશીલ ક્ષેત્રોમાં અભ્યાસ કરતા અને ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓના વિઝા રદ કરવાનું એલાન થયું હતું

બેઈજિંગ, તા.૩

જીનીવા ખાતે થયેલી વચગાળાની વેપાર સંધિનો ભંગ અમેરિકાએ કર્યો હોવાનો દાવો ચીને કર્યો છે. ચીનના જણાવ્યા મુજબ, અમેરિકાએ AI ચિપની નિકાસ પર નિયંત્રણો મૂકતી માર્ગદર્શિકા જાહેર કરવાની સાથે ચીનને ચીપ ડિઝાઈન સોફ્ટવેર વેચવાની તજવીજ પણ અટકાવી દીધી છે. અમેરિકાએ ચાઈનિઝ વિદ્યાર્થીઓના વિઝા છીનવી લેવાની કવાયત પણ હાથ ધરી છે. ચીને વેપાર સંધિની સાથે વિદ્યાર્થીઓના વિઝાનો મુદ્દો સાંકળી અમેરિકાને ભીંસમાં લેવા પ્રયાસ કર્યો છે ત્યારે આગામી સમયમાં ચીન અને અમેરિકા વચ્ચે ટ્રેડ વોર વણસવાના એંધાણ મળી રહ્યા છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ ચીન પર વેપાર સંધિના ભંગના આરોપ લગાવ્યા હતા. ચીનના વાણિજ્ય મંત્રાલયની સત્તાવાર યાદીમાં ટ્રમ્પના આક્ષેપોને ફગાવી દેવાની સાથે અમેરિકાએ સંધિની શરતોનો ગંભીરતાથી ભંગ કર્યો હોવાનું જણાવાયું છે. ચીને AI ચીપ્સ અને વિદ્યાર્થીઓના વિઝા સ્ટેટસના મુદ્દાને પરસ્પર સાંકળી અમેરિકાને જવાબદાર ઠેરવવા પ્રયાસ કર્યો છે. અમેરિકામાં હાલ ચીનના 2.7 લાખ વિદ્યાર્થીઓને વિઝા અપાયા છે. ભારત બાદ ચીનના સૌથી વધુ વિદ્યાર્થી અમેરિકામાં છે.યુએસ સેક્રેટરી ઓપ સ્ટેટ માર્કો રુબિઓ દ્વારા સંવેદનશીલ ક્ષેત્રોમાં અભ્યાસ કરતા અને ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓના વિઝા રદ કરવાનું એલાન થયું હતું. આ પગલાના કારણે બંને દેશના વડાઓ વચ્ચે ટેલિફોનિક વાતચીતમાં સધાયેલી સમજૂતિ અને ચીનના કાયદેસરના અધિકારોનું હનન થયું હોવાનો દાવો ચીને કર્યો છે. અમેરિકા ઈરાદાપૂર્વક વેપાર ઘર્ષણ ઊભું કરવા અને બંને દેશના આર્થિક સંબંધો બગાડવાની હરકતો કરતું હોવાનો ચીનનો આક્ષેપ છે. ચીનના આ દાવા બાદ ટેરિફ વધારાના વિવાદ સાથે શરૂ થયેલું બંને દેશો વચ્ચેનું ઘર્ષણ વધારે તીવ્ર થવાની આશંકા છે.

### રશિયાએ યુક્રેન પર સૌથી મોટો ડ્રોન હુમલો કર્યો

# રશિયા-યુક્રેનની વાટાઘાટો નિષ્ફળ, હવે યુદ્ધ વકરશે

### યુક્રેને આશ્ચર્યજનક હુમલામાં રશિયાના ૪૦ યુદ્ધ વિમાનો તબાહ કર્યા પછી નિયત સમયે તૂર્કીયેમાં બંને દેશ વચ્ચે મંત્રણા થઈ

ઈસ્તંબુલ, તા.૩

છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધમાં શસ્ત્ર વિરામ લાવવાના હેતુથી તુર્કીયેના પાટનગર ઈસ્તંબુલ ખાતે બંને દેશના પ્રતિનિધિમંડળ વચ્ચે મંત્રણા યોજાઈ હતી. યુક્રેન દ્વારા આશ્ચર્યજનક હુમલામાં રશિયાના ૪૦ યુદ્ધ વિમાન તોડી પડાયા બાદ રશિયાએ પણ વળતા પ્રહારમાં યુક્રેન પર સૌથી મોટો ડ્રોન હુમલો કર્યો હતો. સામ-સામે હુમલા તીવ્ર બનવા છતાં નિયત સમયે મંત્રણા યોજાઈ હતી. જો કે આ મંત્રણા માત્ર એક કલાકમાં જ આટોપી લેવાઈ હતી. આ મંત્રણામાં સૈનિકોના મૃતદેહ અને યુદ્ધ કેદીઓ સોંપવા બાબતે સંમતિ સધાઈ હતી. જો કે આ સિવાયની બાબતો અંગે રશિયા અને યુક્રેન તરફથી કોઈ સ્પષ્ટતા થઈ નથી, જેને જોતાં બંને દેશે શબ્દોના બદલે શસ્ત્રોના માધ્યમથી એકબીજા સાથે સંવાદ કરવાનો મનસૂબો સેવ્યો હોવાના સંકેત મળ્યા છે. તુર્કીયેના જણાવ્યા મુજબ, વાટાઘાટો માટે યુક્રેન ઉત્સુક હતું, પરંતુ રશિયાને શસ્ત્ર વિરામ મંજૂર ન હોતો.રશિયન સ્ટેટ મીડિયા અને યુક્રેન પ્રમુખ ઝેલેન્સ્કીના જણાવ્યા મુજબ, સોમવારે યોજાયેલી વાટાઘાટો એક કલાક જેટલી ચાલી હતી. ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે, બંને પક્ષે તુર્કીયેના માધ્યમથી દસ્તાવેજોની આપ-લે કરી હતી. આ સાથે યુદ્ધ કેદીઓની યાદી પણ બંને દેશ તૈયાર કરી રહ્યા છે. મંત્રણા શરૂ થવાના બે દિવસ અગાઉ બંને દેશ વચ્ચે તણાવ વધતાં કોઈ મહત્ત્વની સમજૂતી થવાની શક્યતા નહીંવત હતી. યુક્રેને રવિવારે રશિયામાં આર્કટિક, સાઈબિરિયન અને ફાર ઈસ્ટ પ્રાંતોમાં આશ્ચર્યજનક ડ્રોન હુમલા કરી ૪૦થી વધુ યુદ્ધ વિમાનો તબાહ કર્યા હતા. રશિયામાં છેક ૭૦૦૦ કિમી અંદર ઘૂસીને યુક્રેને કરેલા આ હુમલામાં રશિયન લશ્કર ઊંઘતું ઝડપાયું હતું. દોઢ વર્ષની તૈયારી બાદ રશિયાની લશ્કરી તાકાતને મોટી લપડાક મારવામાં સફળતા મળી હોવાનું યુક્રેન સંરક્ષણ દળના વડા વાસિલ માલિઉકે જણાવ્યુ હતું. ઝેલેન્સ્કીએ પોતાના સૈન્યને આ ઓપરેશન માટે બિરદાવી હતી. રશિયાના બોમ્બર વિમાનોના કાફલામાંથી ત્રીજા ભાગના વિમાનોને નષ્ટ કરનારા આ હુમલાને ઈતિહાસ યાદ રાખશે તેવો વિશ્વાસ પણ ઝેલેન્સ્કીએ વ્યક્ત કર્યો હતો. નોર્ડિક રાષ્ટ્રો સાથે બેઠક દરમિયાન સોમવારે ઝેલેન્સ્કીએ દાવો કર્યો હતો કે, આ પછડાટના કારણે રશિયાને મંત્રણા કરવાની ફરજ પડશે. રશિયાને પણ હવે ભાન થશે કે, ગુમાવવાથી કેટલું દુઃખ થાય છે. હથિયારના બદલે વાટાઘાટોથી વિવાદ ઉકેલવાનું મહત્ત્વ રશિયાને સમજાશે.ઝેલેન્સ્કીના આ દાવાને પડકાર આપતાં રશિયાએ રવિવારથી જ વળતા પ્રહાર શરૂ કરી દીધા છે. ૨૦૨૨માં યુક્રેન સાથે યુદ્ધ શરૂ થયા બાદનો સૌથી મોટો ડ્રોન હુમલો રશિયાએ કર્યો હતો. રશિયાએ યુક્રેનના વસાહતી વિસ્તારોને પણ આ હુમલામાં ટાર્ગેટ બનાવ્યા હતા. આ મંત્રણા અંગે ઝેલેન્સ્કીએ લિથુઆનિયામાં કહ્યું હતું કે, ઈસ્તંબુલમાં મંત્રણા પછી યુદ્ધ કેદીઓને મુક્ત કરવાની પ્રક્રિયા શરૂ થઈ છે. અગાઉ ૧૬મેના રોજ વાટાઘાટો બાદ બંને દેશ દ્વારા ૧,૦૦૦ યુદ્ધ કેદીઓની આપ-લે થઈ હતી. બંને દેશ ૬૦૦૦ સૈનિકોના મૃતદેહની આપ-લે કરવા માટે પણ સંમત થયા હતા.

### 2B, 3B અને e-Way Billનો ડેટા ત્રણ મહિનાના પેકેજમાં વેચાય છે

# GSTની સિસ્ટમમાંથી કરદાતાઓના ગુપ્ત ડેટા વેચાતા હોવાની ગંભીર ફરિયાદ

### 'ડેટા સોલ્યુશન' નામની ગેંગ દિલ્હી, ગાઝિયાબાદ અને નોઈડામાં બેસીને સમગ્ર નેટવર્ક ચલાવી રહી હોવાની વાત પણ પત્રમાં કરવામાં આવી છે

સુરત, તા.૩

GSTની ઓનલાઈન સિસ્ટમમાંથી કરદાતાઓના ગુપ્ત ડેટા વેચાતા હોવાની ગંભીર ફરિયાદ થઈ છે. આવી ફરિયાદ સાથે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એસોસિએશન (CAAS) દ્વારા કેન્દ્રીય નાણામંત્રીને મોકલવામાં આવેલો પત્ર ચર્ચાનો વિષય બન્યો છે. આ પત્રમાં ગુડસ એન્ડ સર્વિસ ટેક્સ (GST) વ્યવસ્થાની ગંભીર ખામીઓ, કરદાતાઓના ગુપ્ત ડેટાના વેચાણથી લઈને રિફંડ વિલંબ અને અપ્રમાણભૂત દંડ સુધીના મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક પ્રકાશ પાડવામાં આવ્યો છે. 'ડેટા સોલ્યુશન' નામની ગેંગ દિલ્હી, ગાઝિયાબાદ અને નોઈડામાં બેસીને સમગ્ર નેટવર્ક ચલાવી રહી હોવાની વાત પણ પત્રમાં કરવામાં આવી છે.CAASના પ્રમુખ હાર્દિક કાકડિયાએ માહિતી આપતાં જણાવ્યું કે, હાલમાં GST ડેટા બજાર ગેરકાયદે રીતે ખુબ જ મોટા પ્રમાણમાં સક્રિય છે. GST સંબંધિત તમામ પ્રકારના ડેટાનું વેચાણ થઈ રહ્યું છે. તેમાં, GSTR-1નો ડેટા રૂ. 8,000થી 10,000 સુધીમાં વેચાઈ રહ્યો છે, આ ડેટા પરથી એવું જાણવા મળે છે કે વેપારીએ કયા પાર્ટીને માલ વેચ્યો છે. એટલું જ નહીં 2B, 3B અને e-Way Billનો ડેટા ત્રણ મહિનાના પેકેજ રૂપે રૂ. 15,000માં વેચવામાં આવે છે.એસોસિયેશનના કાકડિયાએ વધુમાં ખુલાસો કર્યો કે, આ સમગ્ર ડેટા વેચવાનું કામ "ડેટા સોલ્યુશન" નામની ગેંગ દ્વારા હાથ ધરવામાં આવી રહ્યું છે.આ ગેંગનું નેટવર્ક દિલ્હી, ગાઝિયાબાદ અને નોઈડા સહિતના વિસ્તારોમાં સક્રિય છે. "આ તમામ પેકેજોની વિગતો અને ડેટા વેચાણ સંબંધિત પુરાવા અમારા પાસે ઉપલબ્ધ છે", તેમણે ચિંતા વ્યક્ત કરી હતી કે, જો વેપારીઓના વ્યાવસાયિક ડેટાનું પ્રોફાઈલિંગ ત્રીજા પક્ષ પાસે પહોંચી જાય તો કોઈપણ વ્યક્તિ બિઝનેસ કોપી કરીને સામ સામી સ્પર્ધા ઊભી કરી શકે છે. બિઝનેસ માટેની ગુપ્ત માહિતી જાહેર થવી એ ગોપનીયતાનો ભંગ છે.આપણે એવી સ્થિતિ તરફ જઈ રહ્યા છીએ જ્યાં વેપાર કરવો સુરક્ષિત નહીં રહે, એવુ તેમણે ઉમેર્યુ.CAASએ જણાવ્યું કે, તેઓએ આ મુદ્દા અંગે અગાઉ પણ ગુજરાત સરકારને જાણ કરી છે. જોકે, આ મામલો કેન્દ્ર સરકારના હસ્તક્ષેપ વિના ઉકલી શકે તેમ નથી. જો આ સમસ્યાઓનો ઉકેલ લાવવામાં નહીં આવે તો દેશ માટે તૈયાર કરાયેલો જીએસટી જેને "ગુડ એન્ડ સિમ્પલ ટેક્સ" ગણાવાય છે તે ભવિષ્યમાં એક નિષ્ફળ સાબિત થઈ શકે છે.CAASના પ્રવક્તાએ એવું પણ જણાવ્યું કે, અમે સરકાર પાસેથી માત્ર ખાતરી નહીં, પણ નક્કર પગલાંની અપેક્ષા રાખીએ છીએ. વેપારીઓને જે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તે વાત અમારા પત્રમાં સ્પષ્ટ રીતે રજૂ કરવામાં આવી છે. જો આ સમસ્યાઓ પર તાત્કાલિક અને ગંભીર હસ્તક્ષેપ ન થાય, તો સમગ્ર વ્યવસ્થાની વિશ્વસનીયતા દાવ પર લાગી જશે.

### કોલોરાડોના ગવર્નર જેરેડ પોલિસે આ હુમલાની નિંદા કરી

# અમેરિકાના કોલોરાડોમાં આતંકી હુમલો: આઠ લોકોને ઈજા

### આ લક્ષિત હુમલો કરનાર શંકાસ્પદ વ્યક્તિએ 'ફ્રી પેલેસ્ટાઇન'ના નારા લગાવ્યા હતા અને ફ્લેમથ્રોવરથી હુમલો કર્યો હતો

બોલ્ડર, તા.૩

અમેરિકાના કોલોરાડોના ડાઉનટાઉન સ્થિત પર્લ સ્ટ્રીટ પેડેસ્ટ્રિયન મોલમાં થયેલા આતંકી હુમલામાં ઓછામાં ઓછા 8 લોકો ઘાયલ થયા હતા. એફબીઆઈએ જણાવ્યું હતું કે તેમણે હુમલાની તપાસ શરૂ કરી છે. આ લક્ષિત હુમલો કરનાર શંકાસ્પદ વ્યક્તિએ 'ફ્રી પેલેસ્ટાઈન'ના નારા લગાવ્યા હતા અને ફ્લેમથ્રોવરથી હુમલો કર્યો હતો. જેના કારણે કેટલાક લોકો દાઝ્યા પણ હતા. હુમલામાં યહૂદી વિરોધીઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. કેટલાક લોકો અહીં હમાસ દ્વારા બંધક બનાવેલા યહૂદી વિરોધીઓની મુક્તિની માંગ કરી રહ્યા હતા. હુમલો કરનારા શંકાસ્પદ વ્યક્તિની ઓળખ 45 વર્ષીય મોહમ્મદ સાબરી સોલિમાન તરીકે થઈ છે, જેને કસ્ટડીમાં લઈને ડેનવરની ઉત્તરે બોલ્ડર કાઉન્ટી જેલમાં રાખવામાં આવ્યો છે.કોલોરાડોના ગવર્નર જેરેડ પોલિસે આ હુમલાની નિંદા કરી હતી અને કહ્યું હતું કે નફરતથી ભરેલું કોઈપણ કૃત્ય સહન કરવામાં આવશે નહીં. FBIના ડિરેક્ટર કાશ પટેલે X પર જણાવ્યું હતું કે, 'અમે કોલોરાડોના બોલ્ડરમાં લક્ષિત આતંકવાદી હુમલાથી વાકેફ છીએ અને સંપૂર્ણ તપાસ કરી રહ્યા છીએ. એફબીઆઈના ડેપ્યુટી ડિરેક્ટર ડેન બોંગિનોએ જણાવ્યું હતું કે પ્રારંભિક માહિતી, પુરાવા અને સાક્ષીઓના નિવેદનોના આધારે આ હુમલાની 'વિચારધારાથી પ્રેરિત હિંસા' તરીકે તપાસ કરવામાં આવી રહી છે.

### USએ મુકેલા પ્રતિબંધોનું ઉલ્લંઘન કરી ઈરાન સાથે વેપાર કરવાનો આરોપ

# ઈરાન સાથે તેલના કથિત કારોબાર મામલે અદાણી જૂથ સામે USની તપાસ

### અહેવાલમાં જણાવ્યાં અનુસાર, ગુજરાતના મુંદ્રા અને ઈરાનના અખાત વચ્ચે ટેન્કર્સની હેરફેર જોવા મળી છે

વોશિંગ્ટન, તા.૩

હિન્ડેનબર્ગ રિસર્ચ દ્વારા કરાયેલાં આક્ષેપો બાદ ભારતીય ઉદ્યોગપતિ ગૌતમ અદાણીની માલિકીના અદાણી જૂથ વિરુદ્ધ વધુ એક આક્ષેપ મુકાયો છે. અમેરિકા દ્વારા મુકાયેલાં પ્રતિબંધોનું ઉલ્લંઘન કરી ઈરાન સાથે કથિત રીતે કારોબાર કરવા મામલે અમેરિકાના ન્યાય વિભાગે અદાણી જૂથની કંપનીઓની તપાસ હાથ ધરી હોવાનું એક અખબારી અહેવાલમાં જણાવાયું છે. અહેવાલમાં જણાવ્યાં અનુસાર, ગુજરાતના મુંદ્રા અને ઈરાનના અખાત વચ્ચે ટેન્કર્સની હેરફેર જોવા મળી છે. પ્રતિબંધોનું ઉલ્લંઘન કરનારા જહાજો દ્વારા મોટાભાગે આ રૂટનો ઉપયોગ કરતો હોવાનું નિષ્ણાતોનું માનવું છે. અદાણી જૂથના પ્રવક્તાએ આ મામલે રદિયો આપતાં જણાવ્યું હતું કે, પ્રતિબંધોનું ઉલ્લંઘન કરતી કોઈ પણ પ્રવૃત્તિ કે ઈરાનમાં ઉત્પાદિત એલપીજીના કારોબારમાં કંપની સામેલ હોવાના અહેવાલનો અમે ભારપૂર્વક રદિયો આપીએ છીએ. એટલું જ નહીં પરંતુ, આ મામલે અમેરિકાના કોઈ વિભાગ દ્વારા અમારી સામે તપાસ શરૂ કરાઈ હોવાની બાબત અંગે અમને કોઈ જાણ નથી. ઉલ્લેખનીય છે કે, અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગત મે મહિનામાં જણાવ્યું હતું કે, ઈરાનના ઓઈલ કે પેટ્રોકેમિકલ્સના તમામ ઉત્પાદનોની ખરીદી બંધ થવી જોઈએ. જે કોઈ દેશ કે વ્યક્તિ તેની પાસેથી ખરીદી કરશે તેની પર પ્રતિબંધો લાદવામાં આવશે. થોડાં મહિનાઓ પૂર્વે અમેરિકા દ્વારા ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી પર વીજ સપ્લાયના કોન્ટ્રાક્ટ માટે કથિત રીતે લાંચ ચૂકવવાના અને અમેરિકામાં ભંડોળ ઉભું કરવાની પ્રક્રિયા દરમિયાન ત્યાંના રોકાણકારોને ગેરમાર્ગે દોરવાના આક્ષેપો મુકવામાં આવ્યાં હતાં. જોકે અદાણી જૂથે તેની વિરુદ્ધના આક્ષેપોને પાયાવિહોણાં કહી ફગાવી દીધાં હતાં અને કાનૂની રાહે લડત આપવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

### પૂર્વ વિદેશ મંત્રીની આગેવાની હેઠળનું પ્રતિનિધિમંડળ યુએસ, લંડન રવાના

# નકલખોર પાકિસ્તાને વિદેશમાં રાજદ્વારી પ્રતિનિધિમંડળો મોકલ્યાં

### ભારતે તેની રાજદ્વારી પહોંચની કવાયત હેઠળ સાત બહુપક્ષીય પ્રતિનિધિમંડળને વિશ્વના ૩૩ વૈશ્વિક પાટનગરોમાં મોકલ્યા હતા

નવી દિલ્હી, તા.૩

ભારતે પાકિસ્તાન દ્વારા પહેલગામમાં કરાયેલા આતંકવાદી હુમલા બાદ રાજદ્વારી રણનીતિ અંતર્ગત પાકિસ્તાન આતંકવાદનું સમર્થન કરે છે તે મુદ્દે ખુલ્લું પાડવા કેટલાક પ્રતિનિધિમંડળો જુદા જુદા દેશમાં મોકલ્યા છે. પાકિસ્તાને પણ ભારતનું અનુકરણ કરતા બે પ્રતિનિધિમંડળની રચના કરી છે જે યુએસ અને યુકેની મુલાકાત લેશે. ઓપરેશન સિંદૂર અંતર્ગત ભારતે હાથ ધરેલા હુમલાઓમાં પાકિસ્તાનના એરબેઝને કરાયેલા નુકસાન મુદ્દે વિશ્વના દેશો પાસેથી સમર્થન મેળવવાનો આ પ્રતિનિધિમંડળો પ્રયાસ રહેશે. પાકિસ્તાને સોમવારે બંને દેશો વચ્ચેની સમસ્યાના સમાધાન અર્થે રાજદ્વારી મદદ માંગવા રચેલા પ્રતિનિધિમંડળની વિગતો જાહેર કરી હતી. વિદેશ કચેરીના નિવેદન મુજબ પાકિસ્તાને બે ટીમ તૈયાર કરી છે જે અલગ અલગ દેશોની મુલાકાત લેશે.ઉલ્લેખનીય છે કે ભારતે તેની રાજદ્વારી પહોંચની કવાયત હેઠળ સાત બહુપક્ષીય પ્રતિનિધિમંડળને વિશ્વના ૩૩ વૈશ્વિક પાટનગરોમાં મોકલ્યા હતા. પાકિસ્તાને પૂર્વ વિદેશ મંત્રી અને પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના ચેરમેન બિલાવલ ભુટ્ટો ઝરદારીના નેતૃત્વમાં નવ સભ્યોનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ તૈયાર કર્યુ છે જે ૨જી જૂનથી ન્યૂયોર્ક, વોશિંગ્ટન ડીસી, લંડન અને બ્રસેલ્સની મુલાકાત લેશે. આ ટીમના અન્ય સભ્યોમાં ફેડરલ મિનિસ્ટર મુસાદિક મલિક, પૂર્વ વિદેશ મંત્રી હિના રબ્બાની ખાર તથા ખુર્રમ દસ્તગિર ખાન, પૂર્વ મંત્રી સૈયદ ફૈસલ અલી સબ્ઝવારી અને શેરી રહેમાન, સેનેટર બુશરા અંજૂમ બટ છે. બે ભૂતપૂર્વ વિદેશ સચિવ જલિલ અબ્બાસ જિલાની અને તહેમિના જંજૂઆ પણ આ ગ્રુપમાં સામેલ છે. પાક. વડાપ્રધાનના ખાસ સહાયક સૈયદ તારિક ફાતેમીનું નેતૃત્વ ધરાવતું બીજું પ્રતિનિધિમંડળ મોસ્કો રવાના થશે. આ ગ્રુપની અન્ય વિગતો જાહેર કરાઈ નહતી. બંને પ્રતિનિધિમંડળો આંતરરાષ્ટ્રીય સંસ્થાના વડાઓ, જાહેર પદાધિકારીઓ, સાંસદસભ્યો, થિંક ટેન્સ, મીડિયા તથા ડાયસપોરા સાથે શ્રેણીબદ્ધ બેઠકો યોજશે. પાકિસ્તાનનો પક્ષ રજૂ કરવા ઉપરાંત આ પ્રતિનિધિમંડળો આક્રમકતા અને હુમલાને બદલે વાટાઘાટ તથા રાજદ્વારીને પ્રાથમિકતા આપવી જોઈએ તેવી હિમાયત કરી શકે છે. આ ઉપરાંત ભારતે સિંધૂ જળ સંધિ સ્થગિત કરી છે તેને સામાન્ય બનાવવાનું પણ એજન્ડામાં રહેશે.

# ૨૦૦૦ની નોટો હજુ સુધી પરત આવી નથી : રિઝર્વ બેન્ક

મુંબઈ, તા.૩

રિઝર્વ બેંક દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર આંકડા મુજબ ચલણ પાછું ખેંચ્યાના બે વર્ષ પછી પણ રૂ. 6,181 કરોડના મૂલ્યની 2000ની નોટો હજુ પણ ચલણમાં છે. જોકે, આ સાથે રિઝર્વ બેંકે કહ્યું કે રૂ. 2000ની બેંક નોટો કાયદેસર (લીગલ ટેન્ડર) રહેશે. RBIએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ચલણમાં રહેલી 2000ની નોટોનું કુલ મૂલ્ય, જે 19 મે, 2023ના રોજ કારોબારના અંતે રૂ. 3.56 લાખ કરોડ હતું, તે 31 મે, 2025ના રોજ કારોબારના અંતે ઘટીને 6,181 કરોડ થઈ ગયું હતું.કેન્દ્રીય બેંકે જણાવ્યું હતું કે આમ, 19 મે, 2023ના રોજ ચલણમાં રહેલી 2000ની નોટોમાંથી 98.26 ટકા પરત આવી ગઈ છે. રિઝર્વ બેંકે સમયાંતરે લોકોને અપીલ કરી છે કે જો કોઈની પાસે 2000ની નોટો હોય, તો તેઓ તેને RBIમાં જમા કરાવે અને તેને બદલી નાખે.7 ઓક્ટોબર, 2023 સુધી તમામ બેંક શાખાઓમાં 2000ની નોટો જમા કરાવવા અને/અથવા બદલવાની સુવિધા ઉપલબ્ધ હતી. જોકે, આ સુવિધા હજુ પણ રિઝર્વ બેંકના 19 ઈશ્યુ ઓફિસો અથવા પ્રાદેશિક ઓફિસોમાં ઉપલબ્ધ છે. 9 ઓક્ટોબર, 2023થી આરબીઆઈ ઈશ્યુ ઓફિસો પણ વ્યક્તિઓ અને સંસ્થાઓ પાસેથી 2000ની નોટો તેમના બેંક ખાતામાં જમા કરાવવા માટે સ્વીકારી રહી છે. ઉપરાંત લોકો દેશના કોઈપણ પોસ્ટ ઓફિસમાંથી ભારતીય પોસ્ટ દ્વારા RBIના કોઈપણ ઈશ્યૂ ઓફિસમાં 2000ની નોટ મોકલી શકે છે જેથી તેઓ તેમના બેંક ખાતામાં જમા કરાવી શકે.

# દાહોદ બાદ ભરૂચમાં પણ મનરેગા કૌભાંડ સામે આવ્યું

અમદાવાદ,તા.૩

દાહોદ બાદ ભરૂચમાં પણ મનરેગા કૌભાંડ સામે આવ્યો છે, જેને લઈને હવે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ બનાવવામાં આવશે. જેમાં DySP કક્ષાના અધિકારીઓને આ તપાસ સોંપવામાં આવે તેવી સંભાવના છે. સમગ્ર કૌભાંડને લઈને વેરાવળની બે એજન્સી સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ૫૮ ગામોમાં ૭ કરોડ ૩૦ લાખ રૂપિયાના કૌભાંડની શક્યતા છે. જોકે, હવે આ બધાંની વચ્ચે ભરૂચના સાંસદે ચોંકાવનારો દાવો કર્યો છે. તેમણે કહ્યું કે, કૌભાંડમાં ઉપરથી નીચે બધાંની મિલિભગત હોય છે.જોકે, હવે આ કૌભાંડને લઈને ભરૂચના સાંસદ મનસુખ વસાવાનું પણ નિવેદન સામે આવ્યુંછે. તેમણે કહ્યું કે, 'કૌભાંડને લઈને એકલો જિલ્લો જવાબદાર નથી. આ યોજનને સફળ બનાવવી હોય તો ગાંધીનગર એટલે કે, રાજ્ય સરકારના સ્તરથી જ આ માટે ચોક્કસ કાયદા અને નિયમો બનાવવા પડે. બધાં જ લોકોની આમાં મિલિભગત હોય છે, તેમાં રાજ્ય સ્તરના મંત્રી હોય, સેક્રેટરી હોય, વિભાગના કમિશનર હોય કે પછી જિલ્લા વિકાસ અધિકારી આ બધાં જ લોકો આમાં જવાબદારી હોય છે. જ્યારે તપાસ હાથ ધરવામાં આવે ત્યારે નીચેનો કર્મચારી ફસાઈ જાય છે. પરંતુ, બધાનું જ આમાં સેટિંગ હોય છે.'ભરૂચ ખાતે મદદનીશ પ્રાયોજના અધિકારી તરીકે ફરજ બજાવતા પ્રતિક ઉદેસિંહ ચૌધરીએ મનરેગા યોજનામાં આમોદ, જંબુસર, હાંસોટમાં કરોડોનું કૌભાંડ થયું હોવાની ફરિયાદ નોંધાઈ હતી. જેમાં જલારામ એન્ટરપ્રાઈઝ એજન્સી(પિયુષભાઈ નુકાણી) , મુરલીધર એન્ટરપ્રાઈઝ (જોધાભાઈ સભાડ) અને કરાર આધારિત આઉટસોર્સ કર્મચારી સામે ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદ અનુસાર, ભ્રષ્ટાચાર કરવા માટે ૬૦- ૪૦નો રેશિયો તોડીને મટીરિયલની ખરીદી કરવામાં આવી હતી. સરકારી એસઓપી અને ધારાધોરણ મુજબ કામ થયું અને કામ પૈસા ચૂકવી દેવાની વાત કરવામાં આવી હતી. જોકે, વધારે મટિરિયલ બતાવીને તેના ખોટા બિલ બનાવવામાં આવ્યા હતા. મુરલી એન્ટરપ્રાઈઝને ૧૩,૦૫,૬૭૬ તથા જલારામ એન્ટરપ્રાઈઝને ૬,૫૮,૮૯૮ એમ કુલ ૧૯,૬૪, ૫૭૪ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. તેમજ ભરૂચ જિલ્લાના ૫૬ ગામોમાં અંદાજે ૭,૩૦,૦૦,૦૦૦ કરોડોની નાણાંકીય ગેરરીતિ આચરવામાં આવી છે

### ગુજરાત સરકારનો નિર્ણય

# કચ્છમાં પાકિસ્તાન બોર્ડર પર બનશે ઓપરેશન સિંદૂર મેમોરિયલ પાર્ક

### બીએસએફ અને અન્ય સુરક્ષા દળો દ્વારા એકતા પ્રદર્શિત કરવાની યાદમાં વન વિભાગ દ્વારા સિંદૂર વન નામથી એક મેમોરિયલ પાર્ક બનાવવાની યોજના છે

કચ્છ,તા.૩

ભારતીય સેનાએ પાર પાડેલા સિંદૂર ઓપરેશનના સન્માનમાં અમદાવાદના જગતપુર બ્રિજ પાસે 'સિંદૂર વન' નામક ઓક્સિજન પાર્ક બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પાર્કમાં ૧૨ હજાર જેટલા છોડો ઉછેરવામાં આવશે, જેમાંથી ૫૫૧ છોડ સિંદૂર વૃક્ષના હશે. ત્યારબાદ હવે રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

ગુજરાત સરકાર 'ઓપરેશન સિંદૂર'ને સમર્પિત એક સ્મારક પાર્ક બનાવવાનું કામ કરી રહી છે. આ સ્મારક, જેને 'સિંદૂર વન' કહેવામાં આવશે, તે ભારત-પાકિસ્તાન સરહદ પર કચ્છ જિલ્લામાં બનાવવામાં આવશે. અધિકારીઓએ જણાવ્યું કે આ સ્મારક લગભગ દોઢ વર્ષમાં બનીને તૈયાર થવાની આશા છે, તેના માટે હાલ કામ શરૂ થઈ ગયું છે.

સિંદૂર વનમાં ૨૨ એપ્રિલના રોજ પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના પીડિતો માટે એક વિસ્તાર સમર્પિત કરવામાં આવશે. પહલગામમાં મૃત્યુ પામેલા ૨૬ લોકોમાંથી ત્રણ ગુજરાતના રહેવાસી હતી.

કેબિનેટ મંત્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે 'ભુજ-માંડવી રોડ પર મિર્જાપુર હાઈવે પર વન વિભાગની ૮ હેક્ટર જમીન આવેલી છે. ત્યાં એક વન કવચ તૈયાર કરવાનું નક્કી કર્યું છે તેનું સિંદૂર વન આપવામાં આવ્યું છે. 'ઓપરેશન સિંદૂર દરમિયાન સમાજ, સેના, વાયુ સેના, બીએસએફ અને અન્ય સુરક્ષા દળો દ્વારા એકતા પ્રદર્શિત કરવાની યાદમાં વન વિભાગ દ્વારા સિંદૂર વન નામથી એક મેમોરિયલ પાર્ક બનાવવાની યોજના છે.

સિંદૂર વનમાં તે વિસ્તાર પણ શામેલ છે, જ્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓપરેશન સિંદૂર પછી ૨૬ મેના રોજ ગુજરાતની તેમની પ્રથમ મુલાકાત દરમિયાન એક જનસભા કરી હતી. અહીં ૧૯૭૧ના યુદ્ધ દરમિયાન ભુજ એર બેઝ રનવેને ૭૨ કલાકની અંદર રીપેર કરવામાં મદદ કરનારી માધાપરની મહિલાઓએ વડાપ્રધાન મોદીને 'સિંદૂરનો છોડ' પણ ભેટમાં આપ્યો હતો. આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, 'હું આ છોડને વડાપ્રધાન આવાસ લઈ જઈશે, જ્યાં તે એક 'વટવૃક્ષ' બની જશે.'

સિંદૂર વન 'ઓપરેશન સિંદૂર' પર આધારિત થીમ-બેઝ્ડ મેમોરિયલ પાર્ક હશે. જેમાં ૮ હેક્ટર જમીન પર ઔષધીય વનસ્પતિઓ, ઝાડ અને વૃક્ષો સહિત હાઈ ડેન્સિટીવાળા છોડ રોપવામાં આવશે. તેના માટે સ્થાનિક પર્યાવરણ અને જમીનની સ્થિતિને અનુકૂળ સિંદૂરના છોડ સહિત લગભગ ૩૫ છોડની પ્રજાતિઓની ઓળખ કરવામાં આવી છે.

આ પાર્કમાં સિંદૂરના છોડ મુખ્યત્વે રોપવામાં આવશે અને સાથે જ તેની દીવાલો પર ભીંતચિત્રો પણ બનાવવામાં આવશે. "પ્રતિ હેક્ટર ૧૦,૦૦૦ છોડ રોપવાની યોજના બનાવી છે, જે ભુજના સૌથી ગીચ જંગલોમાંનો એક હશે.

### ઇન્સ્ટાગ્રામ પર એક વિધર્મી યુવક સાથે મિત્રતા કરી

# સુરતમાં વિધર્મી યુવકે મહિલા પર બળાત્કાર ગુજાર્યો

### આરોપી શહજાદે સોશિયલ મીડિયા દ્વારા પીડિત છોકરી સાથે મિત્રતા કરી અને શરૂઆતમાં તેની સાથે સારી વાતચીત કરી અને તેનો મોબાઇલ નંબર પણ મેળવ્યો

સુરત,તા.૩

આજકાલ સોશિયલ મીડિયાના કારણે મહિલાઓ અને છોકરીઓ સાથે છેતરપિંડી અને ગુનાહિત ઘટનાઓ વારંવાર નોંધાય છે. ત્યારબાદ સુરતની એક છોકરીએ ઈન્સ્ટાગ્રામ પર એક વિધર્મી યુવક સાથે મિત્રતા કરી. આ અધર્મી યુવકે ઈન્સ્ટાગ્રામ દ્વારા છોકરીનો સંપર્ક કર્યો,લગ્નનું વચન આપીને વારંવાર બળાત્કાર કર્યો અને અંતે લગ્ન કરવાનો ઈનકાર કર્યો અને તેનું શારીરિક શોષણ કર્યું. છોકરીએ ખટોદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી અને પોલીસે તેના પર બળાત્કાર કરનાર અધર્મી યુવકની ધરપકડ કરી. ખટોદરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, છોકરી સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ દ્વારા શહજાદ ઉર્ફે સક્કુ શેખના સંપર્કમાં આવી. શહજાદ ફોટોગ્રાફીના વ્યવસાય સાથે સંકળાયેલ છે અને સુરતના ખટોદરા વિસ્તારના ઈન્દિરા નગરનો રહેવાસી છે.

આરોપી શહજાદે સોશિયલ મીડિયા દ્વારા પીડિત છોકરી સાથે મિત્રતા કરી અને શરૂઆતમાં તેની સાથે સારી વાતચીત કરી અને તેનો મોબાઈલ નંબર પણ મેળવ્યો. ત્યારબાદ, અધર્મી શહજાદ ઉર્ફે સક્કુ શેખે છોકરીને લગ્નના સપના બતાવ્યા. છોકરીએ સપનું જોયું કે ઈન્સ્ટાગ્રામ પર શરૂ થયેલી આ મિત્રતા લગ્નમાં ફેરવાઈ જશે, પરંતુ તેને ખબર નહોતી કે આ વિધર્મી યુવક ફક્ત તેનું શારીરિક શોષણ કરશે. શહજાદ યુવતીને અલગ અલગ જગ્યાએ મળવા બોલાવતો હતો અને લગ્નની લાલચ આપીને તેની સાથે શારીરિક સંબંધો બાંધતો હતો.

છેલ્લા બે વર્ષથી આ વિધર્મી શહજાદ ઉર્ફે સક્કુ શેખ યુવતીને લગ્નની લાલચ આપીને વારંવાર શારીરિક શોષણ કરતો રહ્યો અને તેના પર વારંવાર બળાત્કાર કરતો રહ્યો. આખરે શહજાદ ઉર્ફે સક્કુએ યુવતી સાથે લગ્ન કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો. ત્યારબાદ યુવતીએ હિંમત ભેગી કરીને ખટોદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી.

પોલીસ કાર્યવાહી અને છોકરીઓ માટે ખટોદરા પોલીસે યુવતીની ફરિયાદને ગંભીરતાથી લીધી અને કેસ નોંધીને તાત્કાલિક કાર્યવાહી કરી વિધર્મી સક્કુની ધરપકડ કરી. આ ઉપરાંત, તબીબી પુરાવા એકત્રિત કરવા માટે યુવતીનો મેડિકલ રિપોર્ટ પણ મેળવવામાં આવ્યો છે.

આ કિસ્સો સોશિયલ મીડિયા પર સક્રિય રહેતી છોકરીઓ માટે ખટોદરા જેવો છે. અજાણ્યાઓ સાથે મિત્રતા કરતી વખતે અને ખાસ કરીને વ્યક્તિગત માહિતી શેર કરતી વખતે ખૂબ કાળજી રાખવી જરૂરી છે.

### સિક્કિમમાં જળપ્રલય

# ઉત્તર સિક્કિમમાં ભારે વરસાદના કારણે પૂરની તારાજી સર્જાઈ

**છેલ્લા ચાર દિવસથી પૂર્વોત્તર રાજ્યોમાં સતત મૂશળધાર વરસાદ વરસી રહ્યો છે આ વિસ્તારોમાં લગભગ ૧૩૦ મિ.મી.થી વધુ વરસાદ પડ્યો છે**

સિક્કિમ,તા.૦૩

ઉત્તર સિક્કિમમાં ભારે વરસાદના કારણે પૂરની તારાજી સર્જાઈ છે. સિક્કિમમાં અનેક વિસ્તારોમાં વરસાદના કારણે ભૂસ્ખલનની દુર્ઘટના બની છે.

જેના કારણે લાચુંગ અને ચુંગથાંગમાં ૧૬૭૮ પ્રવાસીઓ ફસાયા હતા. એનડીઆરએફ અને સ્થાનિક પ્રશાસને બચાવ અભિયાન હાથ ધરી તેઓને સુરક્ષિત પણે બહાર નીકળ્યા છે. મંગન જિલ્લાના છાતેનમાં એક સેનાની છાવણીમાં ભૂસ્ખલન થયું હતું. જેમાં ત્રણ જવાનોના મોત થયા હતા, જ્યારે છ જવાન હજુ ગુમ છે. લાચુંગમાં હજી ૧૦૦થી વધુ લોકો ફસાયેલા છે. ડીજીપી અક્ષય સચદેવાએ પૂરની દુર્ઘટનાને ધ્યાનમાં લેતાં જણાવ્યું કે, અમુક પર્યટકોને લાચુંગમાંથી બહાર સુરક્ષિત સ્થળે ગંગટોક લઈ જવામાં આવ્યા છે. લાચેનમાં ફસાયેલા લોકોને પણ બચાવવાનો પ્રયાસ જારી છે. ભારે વરસાદના કારણે મંગન જિલ્લામાં ભૂસ્ખલન થયું હતું. જેના લીધે રસ્તા બંધ થયા છે.

છાતેનમાં સેનાની છાવણી પર ભૂસ્ખલન થતાં લખનવિંદર સિંહ, લાંસ નાયક મુનિશ ઠાકુર અને પોર્ટર અભિષેક લખડાનું મોત થયું છે. છ જવાનો હજી ગુમ છે. તેમની શોધ થઈ રહી છે. બીઆરઓએ રોડ નેટવર્કને પુનઃસ્થાપિત કરવાની કામગીરી શરુ કરી છે. વાહનોના કાફલા ફંદાગ સુધી પહોંચ્યા છે. જેમાં સાતથી વધુ પુરુષ અને ૫૬૧ મહિલાઓ, ૩૮૧ બાળકો હતા. છેલ્લા ચાર દિવસથી પૂર્વોત્તર રાજ્યોમાં સતત મૂશળધાર વરસાદ વરસી રહ્યો છે. આ વિસ્તારોમાં લગભગ ૧૩૦ મિ.મી.થી વધુ વરસાદ પડ્યો છે. જેના લીધે લાચુંગ, ગુરુડોંગમાર, લાચેન ફૂલોની ખીણ જેવા ટોચના પ્રવાસન સ્થળો પ્રભાવિત થયા છે. તીસ્તા નદીમાં કરંટ વધ્યો છે. પાણીમાં મોજાંનું જોર વધ્યું છે. કુદરતી આફતના કારણે અનેક રસ્તાઓ તૂટી ગયા છે. લાચેનમાં બે પુલ પડી ભાંગ્યા છે. લાચેન અને લાચુંગ જતાં રસ્તાઓનો સંપર્ક ખોરવાઈ ગયો હતો. ભારતીય સેના, એનડીઆરએફ અને પોલીસની ટીમ રાહત અને બચાવ કામગીરીમાં જોડાઈ છે. હજી છ જૂન સુધી ભારેથી અતિભારે વરસાદના કારણે રેડ એલર્ટ આપવામાં આવ્યું છે.

### યોગી સરકારનો મોટો નિર્ણય

# ભરતીમાં અગ્નિવીરોને ૨૦% અનામત આપવાનો નિર્ણય લેવામાં આવ્યો

**આ નિર્ણય પાછળ અગ્નિપથ યોજના અંતર્ગત ૪ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરનારા અગ્નિવીરોને સેવા કરવાનો અવસર પ્રાપ્ત થશે**

ઉત્તર પ્રદેશ,તા.૦૩

ઉત્તર પ્રદેશની યોગી સરકારે રાજ્ય પોલીસ દળ માટે અનેક પદ પર ભરતીને લઈને જાહેરાત કરીછે. હવે આ ભરતીમાં અગ્નિવીરોને ૨૦% અનામત આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય યોગી આદિત્યનાથે તેમની અધ્યક્ષતામાં યોજાયેલી કેબીનેટની બેઠક બાદ લીધો છે. નાણામંત્રી સુરેશ કુમાર ખન્નાએ જણાવ્યુ હતુ કે આ નિર્ણય પાછળ અગ્નિપથ યોજના અંતર્ગત ૪ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરનારા અગ્નિવીરોને સેવા કરવાનો અવસર પ્રાપ્ત થશે.

આ મહત્ત્વપૂર્ણ નિર્ણય તમામ શ્રેણી જેમકે સામાન્ય, એસસી, એસટી અને ઓબીસી પર લાગુ થશે. જો કોઈ અગ્નિવીર એસસી શ્રેણીમાં આવે છે તો તેને અનામતનો લાભ મળશે. જો ઓબીસીથી આવે છે તો પણ અનામતનો લાભ મળશે, કોન્સ્ટેબલ પોલીસ, કોન્સ્ટેબલ પીએસી, ઘોડેસવાર પોલીસ અને ફાયરમેન જેવી શૃંખલાઓમાં ઉમેદવારી કરી શકાશેઆ તમામમાં અગ્નિવીરોને ઉંમરમાં મળશે ૩ વર્ષની છૂટ

સિસ્ટમ અનુસાર ભરતીની પહેલી બેન્ચ ૨૦૨૬માં આવશે. કેટલાયે રાજ્યોમાં કેન્દ્રીય બળોને અગ્નિવીરોને અનામત આપવાની પહેલ કરવામાં આવી છે. હરિયાણા અને ઓડિશા જેવા રાજ્યોએ પૂર્વ અગ્નિવીરોને૧૦ટકા અનામતનો લાભ આપવાની રજૂઆત કરી છે. ઉત્તરપ્રદેશ મંત્રિમંડળે હવે ૨૦ ટકા અનામતને મંજૂરી આપી દીધી છે.

યુપી સરકારે પોલીસ દળમાં કોન્સ્ટેબલ પોલીસ, કોન્સ્ટેબલ પીએસી, ઘોડેસવાર પોલીસ અને ફાયરમેન જેવા પદ પર ભરતી કરાશે. ૪ વર્ષ પૂર્ણ કરનારા અગ્નિવીરોને અગ્નિપથ સ્કીમમાં ફાયદો થશે. કેન્દ્ર સરકારે ૨૦૨૨માં અગ્નિપથ યોજના શરૂ કરી હતી. જેમા સેના, નૌસેના અને વાયુસેનામાં યુવાનોને ૪ વર્ષમાટે અગ્નિવીર તરીકે ભરતી કરાશે. આ ૪ વર્ષના કાર્યકાળમાં ૬ મહિના ટ્રેનિંગ આપવામાં આવશે. ૪ વર્ષ પૂરા થયા પછી અગ્નિવીરોના કામને મુલવીને તેમની કાર્યક્ષમતા અને મિરિટલિસ્ટને તૈયાર કરવામાં આવશે. જે મેરિટના આધારે ૨૫% અગ્નિવીરોને સેનામાં હંગામી ધોરણે નોકરી મળશે અને બાકી ૭૫% અગ્નિવીરોને નિવૃત્ત કરાશે. અનુમાન છે કે ૧ લાખ અગ્નિવીરોની પહેલી બેચ ૨૦૨૬-૨૭માં નિવૃત્ત થશે. આમાંથી ૨૫,૦૦૦ને સેનામાં કાયમી ભરતી કરાશે.

### ચોકલેટની લાલચ આપી કર્યુ દુષ્કર્મ

# ૬ વર્ષની બાળકીને પીંખી નાખનાર નરાધમની પોલીસે ધરપકડ કરી

**પોલીસે કેસમાં સતર્કતા દાખવીને આરોપી જય મંગલને બિહારથી ઝડપી પાડ્યો હતો અને પોલીસે આરોપીને ઘટના સ્થળે લઇ જઇને પંચનામું કર્યુ હતુ**

સુરત,તા.૩

સુરતના ઈચ્છાપોર વિસ્તારમાં ૬ વર્ષની બાળકીને પીંખી નાખનાર નરાધમની પોલીસે ધરપકડ કરી છે. આ આરોપી બિહારથી પકડવામાં આવ્યો છે. આરોપીનું નામ જય મંગલ છે. બાળકીને ચોકલેટની લાલચ આપી પોતાના હવસની શિકાર બનાવી હતી. આરોપી પોતાના ઘરે લઈ જઈને બાળકી સાથે દુષ્કર્મ આચર્યુ હતુ. પીડિત બાળકીએ જ્યારે રડતા-રડતા પોતાની આપવીતી સંભળાવી હતી ત્યારે સમગ્ર મામલો બહાર આવ્યો હતો. અને પોલીસને આ ઘટનાની જાણ કરાઈ હતી. અને પોલીસે આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

સુરતમાં ગુનાઓનું પ્રમાણ દિન-પ્રતિદિન વધી રહ્યુ છે. એક તરફ, મર્ડર તો બીજી તરફ દુષ્કર્મની ઘટનાએ સુરક્ષા કાયદા પર પ્રશ્ન ઉભા કર્યા છે. જ્યાં એક તરફ 'સબ સલામત'ના દાવા કરવામાં આવી રહ્યા છે. ત્યાં બીજી તરફ, બેફામ બનેલા આવારા તત્ત્વો પોતાની હિંમત વધારી રહ્યા છે. સુરતના ઈચ્છાપોર વિસ્તારમાં ૬ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચર્યાની ઘટના પ્રકાશમાં આવી છે. પાડોશમાં રહેતો જય મંગલ નામના શખ્સે બાળકીને ચોકલેટની લાલચ આપી હતી. અને તેને પોતાના ઘરે લઈ ગયો હતો. જ્યાં તેણે માસૂમ બાળકી સાથે દુષ્કર્મ કર્યુ હતુ. ઘટના બાદ પોતાની જાતને બચાવવા માટે આરોપી જય મંગલ બિહાર ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે પીડિત બાળકીએ તેની સાથે બનેલી ઘટના તેના કાકાને સંભળાવી હતી. જે બાદ પોલીસમાં આ અંગે જાણ કરવામાં આવી હતી. પોલીસે કેસમાં સતર્કતા દાખવીને આરોપી જય મંગલને બિહારથી ઝડપી પાડ્યો હતો. અને પોલીસે આરોપીને ઘટના સ્થળે લઈ જઈને પંચનામું કર્યુ હતુ.હીરાની નગરી અને ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીનું હોમ ટાઉન સુરત જાણે ગુનાઓનું હબ બની રહ્યુ છે. 'સબ સલામત'ના દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. પોલીસની કાર્યવાહી અને સુરક્ષા વ્યવસ્થા પર પણ સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે. બાળકીઓ સાથે થઈ રહેલા ગુનાઓના કેસ વધી રહ્યા છે. મહિલા સુરક્ષામાં પણ બેદરકારી સામે આવી રહી છે. ત્યારે આ મામલે હવે કોઈ કડક કાયદા બનાવવામાં આવે તે જરુરી છે.

### શિક્ષણ મંત્રી દાદા ભુસે એક જાહેરાત કરી

# વિદ્યાર્થીઓના માનસ પર દેશભક્તિ, અનુશાસન અને શારીરિક ફિટનેસને પ્રોત્સાહન મળે તે માટે બાળકોને સૈન્યશિક્ષા આપશે

મહારાષ્ટ્ર,તા.૦૩

મંત્રી ભૂસેએ જણાવ્યુ કે આ પહેલથી વિદ્યાર્થીઓને સૈન્યના અનુશાસન, વ્યાયામ અને રાષ્ટ્રસેવાની ભાવના સાથે જોડાશે. પ્રશિક્ષણ માટે સેવાનિવૃત્ત સૈનિકોની સેવા લેવાશે જેથી બાળકોને યોગ્ય માર્ગદર્શન અને પ્રેરણા મળી શકે. દેશના નાના બાળકોની દેશભક્તિ, શારીરિક વ્યાયામનું મહત્વ અને અનુશાસનમાં કેવી રીતે રહેવુ તેનાથી વિદ્યાર્થીઓને પ્રશિક્ષિત કરાશે

ભૂસેએ આગળ કહ્યુ કે ધોરણ-૧થી જ શિક્ષણની સાથે સાથે સૈન્ય જેવી ટ્રેનિંગ મળે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. આનથી દેશના નાના બાળકોની દેશભક્તિ, શારીરિક વ્યાયામનું મહત્વ અને અનુશાસનમાં કેવી રીતે રહેવુ તેનાથી વિદ્યાર્થીઓને પ્રશિક્ષિત કરાશે. આ મામલે CM દેવેન્દ્ર ફડણવીસે પ્રસ્તાવને સકારાત્મક પ્રતિક્રિયા આપી છે.

શિવસેનાના મંત્રીએ કહ્યુ કે આ પ્રસ્તાવ લાગુ કરવા માટે શિક્ષકોને અલગથી ટ્રેનિંગ અપાશે, રમત ગમત ક્ષેત્રના પીટી ટીચરોને અલગથી ટ્રેનિંગ અપાશે., સ્કાઉટ અને ગાઈડ સાથે ૨.૫ લાખ પૂર્વ સૈનિકોની મદદ લેવામાં આવશે. મામલે પુરો સહયોગ આપવાનું આશ્વાસન આપવામાં આવ્યુ છે. મહારાષ્ટ્ર દેશનું એવુ પહેલુ રાજ્ય છે જ્યાં આ રીતે પ્રાથમિક રીતે શિક્ષણની સાથે સાથે મિલીટ્રી ટ્રેનિંગ આપવામાં આવશે. આગામી સમયમાં આ યોજનાનું એક મોડલ તૈયાર કરાશે જેનાથી બીજા રાજ્યોને પણ પ્રેરણા મળે.

રાજ્ય સરકારના આ નિર્ણયથી સ્કુલી બાળકોના પરિજનોએ નારાજગી દર્શાવી છે. કેટલાક માતા-પિતાનપં કહેવુ છે કે અમે અમારા બાળકોને સૈન્યમાં જોડાવા નથી માગતા અમારા બાળકોને શિક્ષણ માગે એજ બહુ છે. નાના બાળકોને આ રીતની આકરી ટ્રેનિંગ આપવાથી તેમના પર દબાણ આવશે. આ તમામ વાત પર મંત્રીએ કહ્યુ કે માતા-પિતા બાળકોના ભવિષ્યને લઈને ચિંતા કરે તે સહજ છે આ કોઈ એવી મુશ્કેલ ટ્રેનીંગ નથી. જે બાળકો પર થોપવામાં આવે. આનો ઉદેશ્ય ફક્ત બાળકોમાં રહેલી દેશભકિત જગાવવાનો જ છે.

### ફેન્સ બોલ્યા, ૨૦૦૦ કરોડ નક્કી કમાશે!

# શાહરુખની અપકમિંગ ફિલ્મ 'KING' નો પહેલો લૂક વાઇરલ

**સોશિયલ મીડિયા પર શાહરુખ ખાનનો એક વીડિયો વાયુ વેગે વાઇરલ થઈ રહ્યો છે, જેમાં તે ખૂબ જ કુલ લુકમાં નજર આવી રહ્યો છે**



મુંબઈ, તા.૩

શાહરુખ ખાન પોતાની અપકમિંગ ફિલ્મ 'KING'ને લઈને ચર્ચામાં છે. એક તરફ ફિલ્મ પર કામ શરુ થઈ ગયું છે, ત્યારે બીજી તરફ સોશિયલ મીડિયા પર માત્ર કિંગ-કિંગની ચર્ચા થઈ રહી છે. તેનું કારણ અજય દેવગન પણ છે. એવા અહેવાલો છે કે દ્રશ્યમ ૩ અને કિંગની ટક્કર જોવા મળશે. પરંતુ હજુ સુધી આ અંગે કોઈ પુષ્ટિ નથી થઈ, કારણ કે કિંગના મેકર્સે હજુ સુધી રિલીઝ ડેટનું એલાન નથી કર્યું. ત્યારે હવે આ વચ્ચે શાહરુખ ખાનનો એક નવો લુક વાઈરલ થઈ રહ્યો છે. શાહરુખના આ લુકે માહોલ સેટ કરી દીધો છે. હાથ પર ટેટૂ, ફૂલ સ્વેગ. શું 'કિંગ' ફિલ્મથી એક્ટરનો ફર્સ્ટ લુક આઉટ થઈ ગયો છે?વાસ્તવમાં સોશિયલ મીડિયા પર શાહરુખ ખાનનો એક વીડિયો વાયુ વેગે વાઈરલ થઈ રહ્યો છે. જેમાં તે ખૂબ જ કુલ લુકમાં નજર આવી રહ્યો છે. બંને હાથ પર ટેટૂ અને બાયસેપ્સ જોયા બાદ લોકો તેને કિંગનો ફર્સ્ટ લુક જણાવી રહ્યા છે. ચાહકોનું કહેવું છે કે, સિદ્ધાર્થ આનંદની ફિલ્મના સેટ પરની જ આ તસવીર છે. આ વીડિયોમાં શાહરુખ ખાને વ્હાઈટ ટેન્ક ટૉપ, ગ્રે બેગી પેન્ટ અને બીની પહેર્યું છે. આ જોઈને લોકો કોમેન્ટ કરી રહ્યા છે કે "ભાઈ સ્વેગ તો પૂરા હૈ." આ દરમિયાન એક્ટર ડાર્ક કલનાર શેડ્સ લગાવીને ક્યાંક જતો દેખાઈ રહ્યો છે. જો કે, તેના હાથ પરના ટેટૂએ સૌથી વધુ ધ્યાન ખેંચ્યું છે. જ્યારથી આ લુક સામે આવ્યો છે, ત્યારથી ચારેય બાજુ કિંગની જ ચર્ચા ચાલી રહી છે. લોકો કહી રહ્યા છે કે જો આ કન્ફર્મ લુક છે, તો શાહરુખ ખાનને રોકવો મુશ્કેલ છે, ફિલ્મ નક્કી ૨૦૦૦ કરોડ કમાશે. કંઈક મોટું થવાનું છે. આ વીડિયો સતત રી-શેર કરવામાં આવી રહ્યો છે. પરંતુ જે વીડિયોને કિંગનો લુક ગણાવીને વાઈરલ કરવામાં આવી રહ્યો છે, તેમાં કેટલી સત્યતા છે તે કોઈને ખબર નથી. પરંતુ લોકોને વિશ્વાસ છે કે તે હિટ થવાની છે.

આ ફિલ્મમાં એક મોટી સ્ટાર કાસ્ટ જોવા મળશે. રાની મુખર્જી, રાઘવ જુયાલ, સુહાના ખાન, જેકી શ્રોફ, અનિલ કપૂર, અભિષેક બચ્ચન, દીપિકા પાદુકોણ અને જયદીપ અહલાવતના નામ સામેલ છે.૨૦૨૩ શાહરુખ ખાનનું વર્ષ હતું, જેમાં તેણે શાનદાર કમબેક કર્યુ હતું. જ્યાં પઠાણે ૧૦૦૦ કરોડથી વધુનો બિઝનેસ કર્યો હતો, તો જવાન પણ ૧૦૦૦ કરોડનો બિઝનેસ કરવામાં સફળ રહી હતી. બીજી તરફ ફિલ્મ ડંકી એ પણ સારી કમાણી કરી હતી. હવે શાહરુખના આ નવા લુક બાદ લોકોએ કિંગને ૨૦૦૦ કરોડી ફિલ્મ બતાવી દીધી છે. લોકોનું કહેવું છે કે, કિંગ હવે રેકોર્ડ તોડી દેશે.

### નદીનું ૭૦ ટકા પાણી તો ભારતમાં જ ઉત્પન્ન થાય છે

# આસામના CM એ આપ્યો પાકિસ્તાનની ધમકીનો જવાબ

**બ્રહ્મપુત્ર એક એવી નદી છે જે ભારતમાં વધે છે, ઘટતી નથી. ચીન બ્રહ્મપુત્રના કુલ પાણીના પ્રવાહમાં માત્ર ૩૦-૩૫% યોગદાન આપે છે**

આસામ,તા.૦૩

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતે સિંધુ જળ સંધિ પર કડક વલણ અપનાવ્યું છે. ભારતે પાકિસ્તાન સાથે સિંધુ નદીના પાણીનો પ્રવાહ બંધ કરી દીધા બાદ પાકિસ્તાનની સ્થિતિ માથાભારે થઈ ગઈ છે. પાકિસ્તાન અવારનવાર આ કરાર અંગે ભારતને ખોખલી ધમકી આપી રહ્યું છે. પાકિસ્તાને હવે ભારતમાં ભય ફેલાવવા માટે એક નવું જૂઠાણું ફેલાવ્યું છે કે, સિંધુ જળ સંધિને સસ્પેન્ડ કરવાના જવાબમાં અમારો મિત્ર દેશ ચીન ભારતમાં બ્રહ્મપુત્ર નદીના પાણીનો પ્રવાહ રોકી શકે છે. હવે આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ આ ધમકીનો જવાબ તથ્યો સાથે આપ્યો છે, જે પાકિસ્તાનની આંખો ખોલી નાખશે.તેમણે પાકિસ્તાનની આ થિયરીને સંપૂર્ણપણે નકારી કાઢી છે કે ભારતમાં બ્રહ્મપુત્રા નદીનો પ્રવાહ ચીનથી આવતા પાણી પર નિર્ભર કરે છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં વિગતવાર જણાવ્યું કે, 'કેવી રીતે બ્રહ્મપુત્રા નદી ભારતમાં આત્મનિર્ભર છે અને તેણે પોતાનો પ્રવાહ જાળવી રાખવા માટે ચીનના પાણી પર નિર્ભર નથી રહેવું પડતું. હિમંતા બિસ્વા સરમાના મતે બ્રહ્મપુત્રાના કુલ પાણીના પ્રવાહમાં ચીન માત્ર ૩૦-૩૫% યોગદાન આપે છે, તે પણ મોટાભાગે પીગળતી હિમનદીઓ અને મર્યાદિત વરસાદના કારણે.' તેમણે X પર લખ્યું કે, 'ભારત દ્વારા જ્યારથી સૌથી જૂની અને એકપક્ષીય સિંધુ જળ સંધિને સસ્પેન્ડ કરી દેવામાં આવી છે ત્યારથી, પાકિસ્તાન એક નવો ભય ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, જો ચીન બ્રહ્મપુત્રના પાણીને અટકાવે તો શું થશે? ચાલો આપણે આ ખોટી કહાનીને ડરથી નહીં પરંતુ તથ્યો અને રાષ્ટ્રીય સ્પષ્ટતાથી તોડી નાખીએ. બ્રહ્મપુત્ર એક એવી નદી છે જે ભારતમાં વધે છે, ઘટતી નથી. ચીન બ્રહ્મપુત્રના કુલ પાણીના પ્રવાહમાં માત્ર ૩૦-૩૫% યોગદાન આપે છે,

તે પણ મોટાભાગે હિમનદીઓ પીગળવા અને મર્યાદિત વરસાદથી. બાકીનું ૬૫-૭૦% પાણી ભારતમાં જ ઉત્પન્ન થાય છે.' તેમણે આનું કારણ પણ જણાવ્યું.હિમંતા બિસ્વા સરમાએ કહ્યું કે, 'અરુણાચલ પ્રદેશ, આસામ, નાગાલેન્ડ અને મેઘાલયમાં મૂશળધાર વરસાદ. પ્રમુખ સહાયક નદીઓઃ સુબનસિરી, લોહિત, કામેંગ, માનસ, ધનસિરી, જિયા-ભારાલી, કોપિલી, મેઘાલયની ખાસી, ગારો અને જયંતિયા પહાડોમાંથી નીકળતી કૃષ્ણાઈ, દિગારુ, કુલસી વગેરે સહાયક નદીઓ ભારતની બ્રહ્મપુત્રા નદીના પ્રમુખ જળ સ્રોત છે. ભારત-ચીન સરહદ પર બ્રહ્મપુત્રા નદીનો પ્રવાહ ૨,૦૦૦—૩,૦૦૦ ઘન મીટર/સેકન્ડ રહે છે, જ્યારે ગુવાહાટી જેવા આસામના મેદાનોમાં ચોમાસા દરમિયાન આ પ્રવાહ ૧૫,૦૦૦—૨૦,૦૦૦ ઘન મીટર/સેકન્ડ થઈ જાય છે. તેમણે કહ્યું કે, 'ભારતમાં પ્રવેશ્યા પછી બ્રહ્મપુત્રા નદી સશક્ત બને છે. તે એક ભારતીય, વરસાદ આધારિત નદી પ્રણાલી છે, જે કોઈ એક સ્રોત પર નિર્ભર નથી. પાકિસ્તાને જે સત્ય જાણવું જોઈએ તે એ છે કે - જો ચીન ક્યારેય બ્રહ્મપુત્રનું પાણી ઓછું પણ કરી દે (જો કે અત્યાર સુધી કોઈપણ મંચ પર કહેવામાં આવ્યું નથી અથવા સંકેત આપવામાં નથી આવ્યો), તો તે ભારત માટે મદદરૂપ જ બનશે, નુકસાનકારક નહીં બને, કારણ કે દર વર્ષે આસામમાં આવતા વિનાશક પૂર લાખો લોકોને વિસ્થાપિત કરે છે અને મોટા પાયે વિનાશ વેરે છે. પાકિસ્તાન જણે ૭૪ વર્ષ સુધી સિંધુ જળ સંધિથી અપાર લાભ ઉઠાવ્યો છે, તે હવે ગભરાઈ રહ્યું છે, કારણ કે ભારત તેના પાણીના અધિકારો પર સાર્વભૌમ નિર્ણયો લઈ રહ્યું છે.

# ટેસ્લાને ભારતમાં શો રૂમ ખોલવો છે પણ મેન્યુફેક્ચરિંગ નથી કરવુ

નવીદિલ્હી,તા.૦૩

ટેસ્લાના સીઈઓ અને સ્પેસએક્સના માલિક ઈલોન મસ્કની ઈલેક્ટ્રિક કાર મેન્યુફેક્ચરિંગ કંપની ટેસ્લા ભારતમાં શો રૂમ ખોલવામાં રસ ધરાવે છે. પરંતુ તેને ભારતમાં (ટેસ્લા ઈન્ડિયા) કારનું ઉત્પાદન કરવામાં રસ નથી. આ નિવેદન ખુદ દેશના કેન્દ્રીય ભારી ઉદ્યોગ મંત્રી એચડી કુમારસ્વામીનું છે. અગાઉ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે, 'જો ટેસ્લા ભારતના ટેરિફથી બચવા માટે ત્યાં ફેક્ટરી બનાવે છે, તો તે અમેરિકા સાથે અન્યાય થશે.'

ભારતમાં ઈલેક્ટ્રિક કારના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે યોજના માટે માર્ગદર્શિકા જારી કરવામાં આવી હતી. આ જાહેરાત કરવા માટે સોમવારે (બીજી જૂન) એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં તેમણે કહ્યું હતું કે, 'મર્સિડીઝ-બેન્ઝ, ફોક્સવેગન-સ્કોડા, હ્યુન્ડાઈ અને કિયા. આ બધા ગ્લોબલ ઈલેક્ટ્રિક ઉત્પાદકોએ પહેલાથી જ રસ દાખવ્યો છે.

જ્યારે ટેસ્લા બે શોરૂમ ખોલવા જઈ રહ્યા છે. તેમને ભારતમાં ઉત્પાદન કરવામાં રસ નથી.' ઈલોન મસ્કે એપ્રિલ ૨૦૨૪માં કહ્યું હતું કે, 'કંપનીની ભારે જવાબદારીઓને કારણે તેમની ભારત મુલાકાત મોડી પડી છે.' અગાઉ ફેબ્રુઆરી ૨૦૨૫માં પીએમ મોદી તેમની યુએસ મુલાકાત દરમિયાન ટેસ્લાના સીઈઓ ઈલોન મસ્કને મળ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ફેબ્રુઆરી ૨૦૨૫માં અમેરિકાન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેસ્લાની ભારતમાં લાવવાની યોજનાઓની ટીકા કરી હતી. તેમણે તેને અમેરિકા માટે 'અયોગ્ય' ગણાવ્યું હતું.

### સંગઠન સર્જન અભિયાનની શરૂઆત દરમિયાન કડક આદેશ

# હેરાફેરી નહીં ચાલે, જૂથવાદ બંધ કરો : કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી

**તેમણે નેતાઓને જૂથવાદ દૂર કરવા, એકજૂટ બની કામ કરવા અને સંગઠનાત્મક ઢાંચાને સશક્ત બનાવવા સંદેશ આપ્યો છે**

ભોપાલ,તા.૦૩

લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ મંગળવારે મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં કોંગ્રેસના 'સંગઠન સર્જન અભિયાન'ની શરૂઆત કરી છે. આ અભિયાનનો ઉદ્દેશ ૨૦૨૮ની વિધાનસભા ચૂંટણી માટે પક્ષ સંગઠનને મજબૂત બનાવવા અને ૨૦ વર્ષથી નિસ્તેજ બનેલા કોંગ્રેસ સંગઠનને મિશન ૨૦૨૮ માટે તૈયાર કરવાનો છે. રાહુલ ગાંધી પાંચ કલાકની મુલાકાત દરમિયાન પાંચ બેઠકોમાં ભાગ લીધો હતો. તેમણે નેતાઓને જૂથવાદ દૂર કરવા, એકજૂટ બની કામ કરવા અને સંગઠનાત્મક ઢાંચાને સશક્ત બનાવવા સંદેશ આપ્યો છે.

રાહુલ ગાંધીએ પક્ષના નેતાઓને નિર્દેશ આપતાં કહ્યું કે, જૂથવાદ બંધ કરો અને એક સાથે મળીને કામ કરો. કોઈપણ નિર્ણય ઉપરથી થોપવામાં આવશે નહીં. બધાએ સાથે મળીને નિર્ણય લેવો પડશે, જો કોઈ બદલાવની જરૂર પડી તો તેનો નિર્ણય અમે લઈશું.

કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ સંગઠનના પુનર્ગઠન મુદ્દે કડક વલણ અપનાવતાં કહ્યું કે, કોઈપણ પ્રકારની હેરાફેરી ચલાવી લેવામાં આવશે નહીં. જો કઈ ખોટુ થયું તો અમે તેને તુરંત દૂર કરીશું. ભાજપની મદદ કરનારા નેતાઓની ઓળખ કરો અને સંગઠનમાં યોગ્ય વ્યક્તિને યોગ્ય સ્થાન આપો.રાહુલ ગાંધીએ જિલ્લા કોંગ્રેસ કમિટીઓને તાકતવાર બનવા સંદેશ આપ્યો છે. જિલ્લા કોંગ્રેસ કમિટીઓની ભૂમિકાને લોકસભા, વિધાનસભા, નગર નિગમ અને નગર પાલિકામાં ઉમેદવારની પસંદગી પ્રક્રિયામાં જવાબદારી સોંપવામાં આવશે. તેમજ જવાબદેહી બનવા પણ નિશ્ચિત કરવામાં આવશે. અખિલ ભારતીય કોંગ્રેસ કમિટી અને રાજ્યના નિરિક્ષકો સાથે મળી આ પ્રક્રિયાને નિષ્પક્ષ રૂપે પૂરી કરશે. બ્લોક, સેક્ટર, વોર્ડ, પંચાયત સ્તરે કોંગ્રેસ કમિટીઓની રચના તાત્કાલિક ધોરણે કરવામાં આવશે. જેથી ચૂંટણી દરમિયાન એક સશક્ત સંગઠન તૈયાર થાય જે ભાજપ વિરૂદ્ધ રાષ્ટ્રીય મુદ્દાઓ, અને કોંગ્રેસની વિચારધારાને મજબૂતીથી રજૂ કરી શકાશે.

રાહુલ ગાંધી દ્વારા જૂતા પહેરી ઈન્દિરા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના ભાજપના આરોપો પર મુકેશ નાયકેજવાબ આપ્યો છે કે, અમે કર્મકાંડમાં વિશ્વાસ કરનારા લોકો નથઈ. સંસ્કારના નામ પર છેતરપિંડી કરતા નથી, ધર્માંતરણને પ્રોત્સાહન આપવુ, નકલી લોકોને નકલી કપડાં પહેરાવી જનતા વચ્ચે ઉભા કરવા જેવા મુદ્દા હવે જુના થયા છે. જનતા તેમાંથી ઉભરી ગઈ છે. કોંગ્રેસનું લક્ષ્ય સમતા-આધારિત સમાજનું નિર્માણ અને સમાવેશી વિકાસ છે.

### અમે યુદ્ધ નથી ઈચ્છતાઃ થરૂર

# US યાત્રા પહેલા થરૂર ડેલિગેશનનો ટ્રમ્પને સીધો સંદેશો

**ભારત યુદ્ધ નથી ઈચ્છતું અને તેને સમજાવવા માટે કોઈની જરૂર નથી**

બ્રાસીલિયા,તા.૦૩

ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાનને દુનિયા સામે ઉઘાડું પાડવા માટે કોંગ્રેસ નેતા શશી થરૂરના નેતૃત્વમાં ભારતીય ડેલિગેશન બ્રાઝિલના બ્રાસીલિયામાં છે. ત્યારબાદ ડેલિગેશન અમેરિકા જશે. જોકે, આ પહેલાં જ થરૂરે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, 'ભારત યુદ્ધ નથી ઈચ્છતું અને તેને સમજાવવા માટે કોઈની જરૂર નથી. ટ્રમ્પ સતત કહી રહ્યા છે કે, ભારત-પાકિસ્તાન વચ્ચે સીઝફાયર કરવા માટે મધ્યસ્થી કરી છે. તેઓ એવું પણ કહે છે કે, તેમણે બંને દેશના વેપારને બંધ કરવાની ચેતવણી પણ આપી હતી. આ વાત પાયાવિહોણી છે.' થરૂરે બ્રાસીલિયામાં મીડિયા સાથે વાતચીત કરતા કહ્યું કે, 'અમેરિકન પ્રમુખના પદ માટે અમારા મનમાં ખૂબ જ સન્માન છે અને અમે આ સન્માનને ધ્યાનમાં રાખીને નથી બોલતા પરંતુ, વ્યાપક રીતે કહીએ તો આ બાબતે અમારી સમજ થોડી અલગ છે. અમને રોકવા માટે કોઈને સમજાવવાની જરૂર નથી. જો અમેરિકન પ્રમુખ અથવા તેમના વરિષ્ઠ અધિકારીઓ તરફથી કોઈ સમજાવવાની જરૂર હોત, તો તે પાકિસ્તાનીઓને સમજાવવાનું હતું. અમને સમજાવવાની જરૂર નથી કારણ કે અમે યુદ્ધ નથી ઈચ્છતા. અમે વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગીએ છીએ. આ મૂળભૂત સંદેશ છે. ૭ મેની શરૂઆતથી જ અમે સતત કહ્યું હતું કે,સંઘર્ષને લાંબો ખેંચવામાં અમારી રૂચિ નથી. આ કોઈપણ પ્રકારના યુદ્ધની શરૂઆત નથી. આ ફક્ત આતંકવાદીઓ સામેનો બદલો છે. જો પાકિસ્તાને પ્રતિક્રિયા ન આપી હોત, તો અમે પણ પ્રતિક્રિયા ન આપત.'

બ્રાસીલિયાની યાત્રા બાદ શશી થરૂરના નેતૃત્વમાં ડેલિગેશન પોતાની યાત્રાના અંતિમ તબક્કામાં અમેરિકા જશે. આ યાત્રાને લઈને તેમણે કહ્યું કે, 'આ એક પડકારપૂર્ણ માહોલ છે, જોકે દુનિયા ન્યૂઝ જનરેટર છે તેથી અમારી સ્ટોરી કદાચ તેમના માટે સૌથી ઉપર ન હોય, પરંતુ જો અમે તેના ઉપર લોકોનું ધ્યાન આકર્ષિત કરી શકીએ જે દક્ષિણ એશિયાની ચિંતા કરે છે, જે ભારતની ચિંતા કરે છે, જે આતંકવાદ સામેની લડાઈની ચિંતા કરે છે.'છ થી સાત ઈન્ટરવ્યુ આપશે થરૂર

કોંગ્રેસ નેતાએ કહ્યું કે, 'અમે વોશિંગ્ટનની જનતાનો અભિપ્રાય, સરકારી અધિકારી, ધારાસભ્યો, સેનેટરો અને કોંગ્રેસમેન, ગૃહ અને સેનેટમાં વિવિધ સમિતિઓ, વોશિંગ્ટનમાં ખૂબ જ પ્રભાવશાળી થિંક ટેંકો, ખાસ કરીને વિદેશ નીતિ, મીડિયા અને કેટલાક જાહેર સંબોધનો પર ધ્યાન કેન્દ્રિત કરતી સમિતિઓ સાથે બેઠકો કરીશું. મને છ અથવા સાત ઈન્ટરવ્યુ આપવા માટે કહેવામાં આવ્યું છે. આ ઈન્ટરવ્યુ વ્યક્તિગત અમેરિકન ચેનલ અને બ્રોડકાસ્ટર્સ, પૉડકાસ્ટરોની દેન છે.'

અમેરિકા વિશે વાત કરતા શશી થરૂરે કહ્યું કે, 'અમેરિકા અમારા માટે તમામ પ્રકારે મહત્ત્વપૂર્ણ છે કારણ કે, સ્પષ્ટ રૂપે સુરક્ષા પરિષદ અમેરિકા સાથે અમારા સંબંધોનો એક નાનકડો ભાગ છે. અમરો સંબંધ ખૂબ બહોળો છે, ભલે તે વેપારની વાત હોય, સંરક્ષણની વાત હોય, ગુપ્ત જાણકારી શેર કરવાની વાત હોય કે ભલે ય-૨૦ સ્ક્વૉડમાં અમારી ભાગીદારીની વાત હોય, આવા ઘણાં રસ્તા છે, જેમાં અમેરિકાએ અમારો સહયોગ કર્યો છે. આ કોઈ સંયોગ નથી કે, પાકિસ્તાને પણ વિદેશમાં એક ડેલિગેશન મોકલ્યું છે પરંતુ, તે એટલા દેશમાં નથી જઈ રહ્યા જેટલા દેશમાં ભારતીય ડેલિગેશન જઈ રહ્યું છે. તે અમુક પ્રમુખ રાજધાનીઓ પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છે, જેમકે, વોશિંગ્ટન, બ્રુસેલ્સ અને લંડન.'

વળી, થરૂરે જણાવ્યું કે, કાલે અમેરિકામાં ભારત અને પાકિસ્તાન બંનેના ડેલિગેશન હાજર રહેવાના છે. જોકે, આ એક રસપ્રદ વાત છે. કદાચ આ વિશે રસ વધશે કારણ કે, એક જ શહેર વોશિંગ્ટનમાં બે હરીફ પ્રતિનિધિમંડળ છે.

### પાકિસ્તાનના અનેક એરબેઝ નષ્ટ

# ભારત કહે છે તેના કરતા ઘણો મોટો હુમલો હતો, ૨૦ નહીં ૨૮ સ્થળે નુકસાનઃ પાકિસ્તાનની કબૂલાત

**પાકિસ્તાને ઓપરેશન સિંદૂર મુદ્દે અનેક વખત જૂઠ્ઠાણું ચલાવ્યું હતું પરંતુ તેના આ જૂઠાણાંનો પર્દાફાશ તેના જ ડોઝિયરે કર્યો છે**

નવીદિલ્હી,તા.૦૩

પહલગામ આતંકી હુમલા બાદ આતંકવાદીઓને જડબાતોડ જવાબ આપતાં ભારતે ઓપરેશન સિંદૂર હાથ ધર્યું હતું. પાકિસ્તાને ઓપરેશન સિંદૂર મુદ્દે અનેક વખત જૂઠ્ઠાણું ચલાવ્યું હતું. પરંતુ તેના આ જૂઠાણાંનો પર્દાફાશ તેના જ ડોઝિયરે કર્યો છે. પાકિસ્તાનના ડોઝિયરે જ જણાવી દીધુ કે, ભારતે પાકિસ્તાનની અંદર સુધી જવાબી કાર્યવાહી કરી હતી. તેણે પાકિસ્તાનમાં ૨૦ નહીં પણ ૨૮ સ્થળે હુમલા કર્યા હતા.

ભારતીય સેનાએ પ્રેસ બ્રીફિંગમાં પાકિસ્તાનમાં હાથ ધરાયેલી જવાબી કાર્યવાહીમાં સ્થળોનો કોઈ ઉલ્લેખ કર્યો ન હતો. પરંતુ ડોઝિયરમાં તેનો ખુલાસો થયો છે કે, ભારતે પેશાવર, સિંધ, ઝાંગ, ગુજરાંવાલા, ભવાલનગર, અને છોર સહિત અનેક સ્થળોએ નુકસાન પહોંચાડ્યું હતું.

ભારતે પાકિસ્તાની સેનાના અનેક એરબેઝ પર હુમલા કર્યા હતાં. તેણે નૂર ખાન, રફીકી, મુરીદકે, સુકરૂર, સિયાલકોટ, પસરૂર, ચુનિયાન, અને સરગોધા સહિત કુલ ૧૧ એરબેઝ પર હુમલા કર્યા હતાં. મેક્સાર ટેકનોલોજીસે પણ હુમલાથી થયેલા નુકસાનની સેટેલાઈટ ઈમેજ રજૂ કરી હતી. જેમાં ઓપરેશન સિંદૂરની સફળતાનો ખુલાસો થયો છે. પાકિસ્તાન વિશ્વભરમાં ઓપરેશન સિંદૂર વિશે જૂઠ્ઠાણું ચલાવી રહ્યું છે. પરંતુ પાકિસ્તાની ડોઝિયરમાં આપવામાં આવેલા મેપએ તેનો પર્દાફાશ કર્યો છે. ભારતે ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાનમાં સ્થિત આતંકવાદીઓના નવ ઠેકાણાં નષ્ટ કર્યા છે. પાકિસ્તાન અને POKમાં ભારતે જૈશ-એ-મોહમ્મદના મુખ્યાલય અને મુરિદકેમાં લશ્કર-એ-તૈયબાના ટ્રેનિંગ સેન્ટર સહિત નવ સ્થળો પર હુમલા કર્યા હતાં. ૭ મેના રોજ હુમલો કરવામાં આવેલા અન્ય સ્થળોમાં મુઝફ્ફરાબાદ, કોટલી, રાવલકોટ, ચકસ્વરી, ભીમબર, નીલમ ખીણ, ઝેલમ અને ચકવાલ સામેલ છે. ભારતે પાકિસ્તાનના ૧૧ એરબેઝને ટાર્ગેટ કર્યા હતા. પહલગામ હુમલા બાદ પાકિસ્તાને LOC અને આતંરરાષ્ટ્રીય સરહદો પર સીઝફાયરનું ઉલ્લંઘન શરૂ કરતાં રોજ મોર્ટાર અને આર્ટિલરી ગન વડે ગોળીબાર કર્યા હતાં. ૭ મેના રોજ ઓપરેશન સિંદૂર હાથ ધરાયા બાદ પાકિસ્તાને જવાબી કાર્યવાહી હાથ ધરતાં ભારતીય સેનાની છાવણીઓને ટાર્ગેટ બનાવી હતી. પરંતુ ભારતીય સેનાએ તેના તમામ હુમલાઓ નિષ્ફળ બનાવ્યા હતાં. ૧૦ મે સુધી બંને દેશો વચ્ચે સંઘર્ષ ચાલ્યો હતો. બાદમાં સીઝફાયરને સહમતિ આપવામાં આવી હતી.

# બાબરામાં ઓમ સાંઈ ટ્યુશન એન્ડ કોમ્પ્યુટર કલાસીસ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા ઓમ સાંઈ ટ્યૂશન કલાસિસ દ્વારા વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ ભવ્ય આયોજન થયેલ બાબરા ૐ સાંઈ ટયૂશન કલાસિસના સંચાલક જયરાજભાઈ બસીયા દ્વારા ધોરણ ૫ થી ૯ અને ૧૧ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ વિદ્યાર્થી અને ૧૦ અને ૧૨ માં એ૧ ગ્રેડ એ૨ ગ્રેડ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું શિલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું તમેજ ૐ સાંઈ કોમ્પ્યુટર કલાસિસ વેકેશન બેંચમાં ccc tally કોર્સ પૂર્ણ કરનાર વિદ્યાર્થી સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવ્યા. તેમજ ૐ સાંઈ સ્પોકન english કલાસિસના વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા આ કાર્યક્રમ aices મેનેજીંગ ડાયરેકટ દિલીપભાઈ મકવાણા, જિલ્લા ભાજપના મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસીયા, નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, વિવેકાનંદ વિદ્યાલયના એમ ડી ભાર્ગવભાઈ ભડાણીયા, પાલિકા પૂર્વ પ્રમુખ લલિતભાઈ આબલીયા, નગરપાલિકા ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિના ચેરમેન અનિભાઈ મકવાણા, વિશાલભાઈ રૂપારેલિયા, ભાવેશભાઈ વ્યાસ, સમીરભાઈ દવે, રણજીતભાઈ વાળા ચલાલા, વિપુલભાઈ રામાણી, પ્રકાશભાઈ ચેતન્યાસ્વામી, શાનભાઈ ગાંગાણી, નેશાદભાઈ ગાંગાણી તેમજ વિદ્યાર્થી મિત્રો અને વાલીનો ખુબ બહોળી હાજર રહેલ તેમજ તમામ શિક્ષક મિત્રોએ ખુબજ જહેમત ઉઠાવી હતી.

## લીલીયા મોટા : શ્રી ગ્રામ્ય લક્ષ્મી બચત અને ધિરાણ સહકારી મંડળી દ્વારા સભાસદ ભેટ વિતરણનો પ્રારંભ

લીલીયા, તા.૩

લીલીયા મોટા શહેર તેમજ તાલુકામાં નાણાં નિયમન કરતી ગ્રામ્ય લક્ષ્મી બચત અને ધિરાણ સહકારી મંડળી મોટા લીલીયા ની બ્રાન્ચ ખાતે ચેરમેન હિતેશભાઈ કારીયા, વાઈસ ચેરમેન હરેશભાઈ સેજપાલ, એમ.ડી ભીખુદાદા ભટ્ટ તથા ડિરેકટર ભરતભાઈ જોશી, જયેશભાઈ મહેતા, રસિકભાઈ વડ્રા, હિંમતભાઈ શિંગાળા, વાલજીભાઈ માડણકા ની ઉપસ્થિતિમાં સભાસદ ભેટ વિતરણ નો પ્રારંભ આજ રોજ તા.૩/૬/૨૦૨૫ થી ૩૦/૯/૨૦૨૫ સુધી રાખવામાં આવેલ છે. ગ્રામ્ય લક્ષ્મી બચત ધિરાણા સહકારી મંડળી મોટા લીલીયા ની બ્રાન્ચ ખાતે સ્થાનિક સભાસદ માટે રિકરીગ, ડિપોઝીટ, સભાસદ લોન માસિક બચત, ફિકસ વેલ્ફેર, એફ.ડી ઉપર ધિરાણા વીમા બચત જેવી અનેક સેવા ઓથી પ્રમાણિક પારદર્શિતા વહીવટ કુશળ સ્ટાફ સાથે ત્રીસ વર્ષમાં હજારો સભાસદો વચ્ચે ગ્રામ્ય લક્ષ્મી સહકારી મંડળી વિશ્વસનીય બ્રાન્ચ બની લીલીયા તાલુકામાં એક પરિવાર ની જેમ હાલ ગ્રામ્ય લક્ષ્મી મંડળી પોતાના પારદર્શક વહીવટ થી લોકો ના હૃદયમાં એક અદકેરું સ્થાન પ્રાપ્ત કરેલ છે. મંડળી ના ઝડપી ધિરાણા સરળી કરણ ઓછા પ્રોસાઈડીગ ખર્ચ થી સભાસદો નો વિશ્વાસ જીતી સહકારી ક્ષેત્રે વિસ્તારમાં એક આગવી ઓળખ પ્રાપ્ત કરેલ છે. તેમ ઈમરાન પઠાણ ની અખબારી યાદીમાં જણાવેલ છે.



પાના ૧ ઉપરનું ચાલું **અંતે અમરેલીની શાંતાબા**

બીમારીના સમયમાં સારવાર માટે આ હોસ્પિટલમાં આવે છે. પરંતુ ખાટલે મોટી ખોટ હોય, તેમ આ હોસ્પિટલના મુખ્ય દરવાજેથી જ સુવિધાનો અભાવ હોવાથી આ હોસ્પિટલ જ માંદગીના બિછાને પડી હોય, લાગી રહયું છે. આ હોસ્પિટલના મુખ્ય દરવાજે જ છેલ્લા એક મહિનાથી ગટરના ગંધાતા પાણી વહી રહયા છે. છતાં પણ હોસ્પિટલના સતાવાળાઓ અથવા સ્થાનિક પાલિકાના અધિકારીઓ આ બાબતે કોઈ પગલાં ભરાતાં ના હોય પાલિકાના અધિકારીઓ સામે રોષ ભભુકી ઉઠ્યો છે. તે અંગે અમરેલી એક્સપ્રેસ દૈનિકમાં ફોટા સાથે અહેવાલ પ્રસિધ્ધ થતાં જ પાલિકાતંત્ર તથા હોસ્પિટલના સતાધીશો હરકતમાં આવી ગયા હતા. અને છેલ્લા એક મહિનાથી કોઈ કારણોસર અટકેલાં ગટરના પાણીના નિકાલનો પ્રશ્ન માત્ર બે દિવસમાં ઉકલી ગયો હતો.

પાલિકાના અધિકારીઓ દ્વારા અમરેલી સિવિલ હોસ્પિટલના મુખ્ય દરવાજે ભરતાં ગટરના ગંધાતા પાણીના નિકાલ માટે ભૂગર્ભ ગટરમાં પાઈપ ઉતારી અને પાણીનું પ્રેસર મારી જામ થઈ ગયેલી ગટરના પાણી બે દિવસે નિકાલ આવતાં આ હોસ્પિટલમાં આવતાં દર્દી તથા તેમનાં સગા સંબંધીઓમાં રાહતની લાગણી જોવા મળતી હતી.

''અમરેલી એકસપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com

## ચલાલા પાલિકાનાં પૂર્વ પ્રમુખની પૌત્રી ચિ. અનાયશાનો જન્મદિન



ચલાલા, તા.૩

ચલાલા નગરપાલિકાના પુર્વપ્રમુખ ગીતાબેન કારીયા અને જાણીતા પત્રકાર પ્રકાશભાઈ કારીયા ની લાડકવાઈ પૌત્રી ચિ.''અનાયશા''નો પ્રથમ શુભ જન્મદિવસ ઉજવાશે.

ચલાલા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ગીતાબેન કારીયા અને ચલાલા ના જાણીતા વરિષ્ઠ પત્રકાર તેમજ સામાજીક અને રાજકીય આગેવાન પ્રકાશભાઈ કારીયાની લાડકવાઈ પૌત્રી ચિ.અનાયશાનો પ્રથમ જન્મદિવસ આજે રંગેચંગે સામાજીક કાર્યો આંનદ ઉલ્લાસ ભેર ઉજવાશે. ચલાલાના વતની અને હાલ અમદાવાદ રહેતા દિંશાત અને ભાગ્યશ્રી કારીયાની વ્હાલસોચી લાડકી દિકરી ચિ. અનાયશાના પ્રથમ શુભ જન્મદિવસ નિમિતે સવારે દ્વારકાધીશ હવેલીમાં દર્શન બાદ પુજય ''હરીરામબાપાચોક''ના ગુંદી ગાંઠીયા પ્રસાદ વિતરણ. ત્યારબાદ ઝુંપડપટ્ટી વિસ્તારના બાળકોની સાથે રહી બધાને નાસ્તો કરાવી જન્મદિવસની ઉજવણી કરાશે. ચિ.અનાયશાના જન્મ દિવસની શુભકામનાઓ પાઠવવા અને હરખ કરવા ચિ.અનાયશાના મોટા બા શારદા બા, પપ્પા દિંશાત, ભાઈ, મમ્મી ભાગ્યશ્રી બહેન, દાદા પ્રકાશભાઈ, દાદી ગીતાબેન, મોટા કાકા વિપુલભાઈ, નીલેશભાઈ, મોટાકાકી નીશાબેન, ફીયા યાના, નાના કાકા દિપકભાઈ, ગોપાલ, હર્ષિલ, દિદિ ખુશી, કાવ્યા, નાના કેતનભાઈ, નાની અંજનાબહેન, માસી ફોરમબહેન સહિત આ બધાની સાથે દુબઈ થી મામા કશ્યપભાઈ ખાસ ઉપસ્થિત રહી બધાને કેક ખવરાવી ચિ.અનાયશાના જન્મદિવસની ઉંમગ ઉત્સાહ અને આંનદભેર ઊજવણી કરાશે.

### શહેરીજનોની સુવિધામાં વધારો

## સાવરકુંડલાનાં વોર્ડ નંબર–૫ માં ભુગર્ભ ગટરની કામગીરી શરૂ કરાઈ

### ધારાસભ્ય મહેશ કસવાલાની મહેનત રંગ લાવી



સાવરકુંડલા, તા.૩

સાવરકુંડલા હાથસણી રોડ વોર્ડ નંબર–૫ ટોપ ટુ બોટમ જીયુડીસી અંતર્ગત છેવાડાના ગટર વિહોણા વિસ્તારમાં નવી ગટરોનું કામ સાવરકુંડલા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની મહેનતથી તેમની દેખરેખ હેઠળ આયોજન ચાલુ થયેલ છે. નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી તેમજ સાવરકુંડલા શહેર ભાજપ પ્રમુખ અનિરુદ્ધસિંહ રાઠોડ, ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી તેમજ બાંધકામ સમિતિ ચેરમેન લાલાભાઈ ગોહિલ મહેનતથી વોર્ડ નંબર ૫ના સાવરકુંડલા નગરપાલિકા પતિસદસ્ય આલ કરશનભાઈ તથા નગરપાલિકા સદસ્ય કેશવભાઈ બગડા વોર્ડ નંબર ૫માં બને સદસ્ય વોર્ડમાં ગટરના કામ ચાલું હોય ત્યાં સ્થળ ઉપર તપાસ કરી નિરીક્ષણ કર્યુ. આ તકે ધારાસભ્યએ સાવરકુંડલાના શહેરી વિકાસ અંતર્ગત કરોડોની ગ્રાન્ટો લાવી સાવરકુંડલાને સુવર્ણકુંડલા બનાવવા જઈ રહ્યા છે. પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીનો પણ આ વિસ્તારના રહીશો ધ્વારા હાર્દિક આભાર માનવામાં આવ્યો હતો.

પાના ૧ ઉપરનું ચાલું **વીજપડીમાં ખેતીવાડીમાં**

વરસાદથી ખેડૂતોને ઉભા પાક અને વાડીમાં રહેણાકી મકાનોને ભયંકર નુકસાન થયેલ છે એ સમાર કામ કરવા નવા વાવેતર પાણી વ્યવસ્થા ધરાવતા ખેડૂતોએ કરવામાં આવેલ છે. એ વાવેતરને સમયસર સીચાઈ નહીં થવાથી બળી જવાનો પણ ઉભો થયેલ છે.

રાજયના વિજ અને કૃષિમંત્રી અને તાલુકાના ધારાસભ્ય તથા સાસંદ ગંભીરતાથી નોંધ લય વિજપડી સબ ડિવિઝન હેઠળના ફીડરોનો પીજીવીસીએલ વિભાગને તાકીદ કરી સમારકામ હજુ ચોમાસું આગમન થયું નથી તો ચોમાસા પહેલા સમાર કામ કરવામાં આવે તેવી ખેડૂતોની માંગણી છે.

પાના ૧ ઉપરનું ચાલું **જિલ્લાની જનસંખ્યામાં ઘટાડો**

આરોગ્ય, ફરવાલાયક સ્થળો, એરપોર્ટ, રેલ્વે સુવિધા, સ્પોર્ટસ જેવી પણ સુવિધા તેમજ રોજગારીનાં અભાવે પણ યુવા પેઢી સ્થળાંતર કરવા મજબુર બની છે. ઉપરોકત બાબતોને લીધે અમરેલી જિલ્લાની કુલ સંખ્યામાં વર્ષ ૨૦૧૧ ની ગણતરીએ ઘટાડો થાય કે તેમાં કોઈ વધારો ન થાય તેવુ સાબિત થાય તો પણ નવાઈ જેવુ નહી રહે.

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 084
સંકુલ ધો. ૧૦ ગુજરાતી મિડીયમ સ્ટુડન્ટ્સ ને ધો. ૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમમાં પ્રવેશ મળશે.
* ધો. ૧૦ ગુ.મી. ને ધો. ૧૧ કોમર્સ ઈ.મી. લેવલે પહોંચાડવા ખાસ વ્યવસ્થા
* આર્ટસ – મનોવિજ્ઞાન રાજ્યશાસ્ત્ર – સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર / ઈતિહાસ ભૂગોળ
* સાયંસ - A & B ગૃપ - JEE-NEET-GUJCET-સરકારી સહાય Expert ક્લાસ
* ધો.10 A1-A2 ને ધો. ૧૧–૧૨ ફી રાહત – ધો.૧૨ A1-A2 ને ધો.૧૧–૧૨ ફી શરતી પરત
* KG ટુ PG – સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત નિવાસી ગર્લ્સ સંકુલ–Since – 1997

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૦૪૦ |
| ૨ | શિંગ મોટી | ૭૪૦ | ૧૦૭૨ |
| ૩ | શિંગદાણા | ૧૩૨૬ | ૧૫૦૬ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૭૫ | ૧૪૯૦ |
| ૫ | તલ સફેદ | ૧૧૦૦ | ૧૯૯૫ |
| ૬ | તલ કાળા | ૧૮૦૦ | ૩૩૯૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૪૧૦ | ૨૦૮૦ |
| ૮ | બાજરો | ૨૫૮ | ૪૦૨ |
| ૯ | જુવાર | ૨૦૫ | ૬૭૭ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૩૦૦ | ૫૪૧ |
| ૧૧ | ઘઉં લોકવન | ૩૫૦ | ૫૨૬ |
| ૧૨ | મકાઈ | ૪૦૦ | ૫૨૨ |
| ૧૩ | મગ | ૮૬૦ | ૧૬૩૦ |
| ૧૪ | અડદ | ૭૪૫ | ૧૫૫૩ |
| ૧૫ | ચણા | ૭૦૦ | ૧૦૭૮ |
| ૧૬ | ચણા સફેદ | ૯૦૦ | ૧૦૮૦ |
| ૧૭ | છોલે ચણા | ૧૨૧૨ | ૧૮૨૫ |
| ૧૮ | ચોળી | ૬૪૦ | ૧૧૨૨ |
| ૧૯ | તુવેર | ૮૧૦ | ૧૨૫૫ |
| ૨૦ | કપાસ | ૭૪૫ | ૧૫૮૦ |
| ૨૧ | એરંડા | ૧૦૫૦ | ૧૨૨૦ |
| ૨૨ | જીરૂ | ૨૦૦૦ | ૩૬૦૦ |
| ૨૩ | રાય | ૧૦૦૦ | ૧૦૫૫ |
| ૨૪ | ધાણા | ૧૨૦૦ | ૧૨૪૫ |
| ૨૫ | ધાણી | ૧૦૦૦ | ૧૩૫૫ |
| ૨૬ | અજમા | ૧૪૫૦ | ૧૫૨૦ |
| ૨૭ | મેથી | ૬૪૦ | ૮૭૧ |
| ૨૮ | સોયાબીન | ૫૧૦ | ૮૦૦ |
| ૨૯ | કાંગ | ૨૨૫ | ૪૫૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૧૫ | ૧૫૨૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૦૦ | ૧૩૭૦ |
| ૩ | મગફળી | ૯૯૫ | ૧૦૪૫ |
| ૪ | જીરૂ | ૨૮૦૫ | ૩૮૭૫ |
| ૫ | તલ સફેદ | ૧૫૧૫ | ૧૯૬૫ |
| ૬ | તલ કાળા | ૨૫૫૫ | ૩૦૩૫ |
| ૭ | ચણા | ૧૦૪૨ | ૧૦૭૮ |
| ૮ | મગ | ૧૨૩૦ | ૧૪૬૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૫૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૧૦ | ૧૦૬૦ |
| ૩ | શીંગ નવી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૪ | શીંગ દાણા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૪૫૦ | ૨૦૧૧ |
| ૬ | તલ કાળા | ૨૩૦૦ | ૩૧૦૧ |
| ૭ | જીરૂ | ૩૪૦૦ | ૩૯૪૦ |
| ૮ | કપાસ | ૧૧૫૦ | ૧૪૯૨ |
| ૯ | ઘઉં લોકવન | ૪૨૫ | ૫૨૧ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૫૦ |
| ૧૧ | બાજરો | ૩૫૦ | ૫૪૦ |
| ૧૨ | જુવાર | ૬૦૦ | ૮૦૮ |
| ૧૩ | મગ | ૧૨૫૦ | ૧૪૩૦ |
| ૧૪ | અડદ | ૯૦૦ | ૧૩૭૫ |
| ૧૫ | ચણા | ૧૦૨૫ | ૧૦૯૬ |
| ૧૬ | તુવેર | ૧૦૦૦ | ૧૩૧૧ |
| ૧૭ | એરંડી | ૧૦૫૦ | ૧૧૮૮ |
| ૧૮ | મેથી | ૭૫૦ | ૯૭૫ |
| ૧૯ | ધાણા | ૯૫૦ | ૧૨૫૦ |
| ૨૦ | સોયાબીન | ૭૦૦ | ૭૭૨ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૪૫ | ૧૦૬૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૩ | ૫૦૫ |
| ૩ | ચણા | ૧૦૨૬ | ૧૦૬૫ |
| ૪ | મગ | ૧૪૦૧ | ૧૪૭૦ |
| ૫ | તલ | ૧૩૯૦ | ૧૭૭૬ |
| ૬ | શીંગ દાણા | ૧૬૫૦ | ૧૬૫૧ |
| ૭ | શીંગ ફાડા | ૧૧૧૦ | ૧૧૯૫ |
| ૮ | રાઈ | ૧૧૩૬ | ૧૧૩૬ |
| ૯ | બાજરો | ૩૨૫ | ૩૩૬ |
| ૧૦ | સોયાબીન | ૬૮૫ | ૭૭૬ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૩૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૦૦ |
| ૩ | ધાણા | ૧૦૦૦ | ૧૧૯૦ |
| ૪ | ચણા | ૮૨૦ | ૧૦૬૫ |
| ૫ | મકાઈ | ૪૫૧ | ૪૫૧ |
| ૬ | શીંગફાડા | ૧૧૫૦ | ૧૪૩૫ |
| ૭ | મગફળી | ૮૦૦ | ૯૫૦ |
| ૮ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૯૦૦ |
| ૯ | સોયાબીન | ૬૭૦ | ૭૯૦ |
| ૧૦ | તલ કાળા | ૨૩૦૦ | ૨૯૫૫ |
| ૧૧ | મગ | ૧૪૦૦ | ૧૫૪૦ |
| ૧૨ | બાજરો | ૫૩૦ | ૫૩૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૯૮૦ |
| ૨ | તલ સફેદ | ૧૨૦૦ | ૧૯૧૦ |
| ૩ | તલ કાળા | ૧૭૦૧ | ૨૨૭૧ |
| ૪ | તલ પીળા | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૫ | કપાસ | ૮૦૦ | ૧૫૦૦ |
| ૬ | બાજરો | ૩૦૦ | ૫૦૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૬૧૧ |
| ૮ | જુવાર | ૩૦૦ | ૯૧૯ |
| ૯ | મગ | ૧૦૦૦ | ૧૫૬૦ |
| ૧૦ | અડદ | ૧૦૨૦ | ૧૫૬૧ |
| ૧૧ | તુવેર | ૧૦૬૦ | ૧૨૫૦ |
| ૧૨ | ચણા | ૬૦૦ | ૧૦૬૦ |
| ૧૩ | જીરૂ | ૩૦૦૧ | ૩૦૦૧ |
| ૧૪ | ધાણા | ૯૦૦ | ૯૫૦ |
| ૧૫ | મેથી | ૮૫૦ | ૮૫૦ |
| ૧૬ | સોયાબીન | ૭૭૦ | ૭૭૦ |
| ૧૭ | એરંડી | ૯૦૦ | ૯૦૦ |

# અમરેલી : ITIના એક વિધાર્થીએ ખુદનો વ્યવસાય શરૂ કર્યો : વર્ષે અંદાજે ૨૦ લાખનું ટર્ન ઓવર






અમરેલી આઈ.ટી.આઈ. માંઅભ્યાસ કરીચૂકેલા એકવિદ્યાર્થીએ ખુદનો વ્યવસાય શરૂ કર્યો છે, સાથે જ વર્ષે લાખોની કમાણી રળી રહ્યા છે. સામાન્યત: આઈ.ટી.આઈ.ના કોર્સને અન્ય પ્રોફેશનલ ડિગ્રીઓથી કમતર રીતે જોવામાં આવે છે, પરંતુ અમરેલી આઈ.ટી.આઈ.ના વિદ્યાર્થી હિરેનભાઈ મકવાણા બે વર્ષનો મશીનિષ્ટ કોર્સ કર્યા પછી એક મોટા ગજાની એક ખાનગી કંપનીમાં ચાર વર્ષ નોકરી કર્યા બાદ ટેકનિકલ બાબતોમાં મહારથ આવી જાય છે. જેથી તેઓ ખુદનો વ્યવસાય કરવા માટે પણ પ્રેરાય છે. હિરેનભાઈ મકવાણા કહે છે કે, નોકરી દરમિયાન આ એક એકિઝબિશનમાં જવાનું થાય છે, ત્યારે જ લેસર માર્કિંગ મશીન વિશે વધુ જાણકારી મળે છે. જેથી આ લેસર માર્કિંગ મશીન વિશે જરૂરી અભ્યાસ હાથ કરવાની સાથે જુદી જુદી કંપનીઓમાંથી તેના વિશે જાણકારી મેળવી. તેના અંતે ખુદનું જગ્લોબલ લેસર માર્કિંગ નામથી કારખાનું શરૂ કરવાનું નક્કી કર્યું તેઓ કહે છે કે, રાજકોટ ખાતે આજે લેસર માર્કિંગ માટેના બે એકમો ચલાવી રહ્યા છીએ, જેમાં ૧૦ જેટલા લોકોને રોજગારી પણ આપી રહ્યા છીએ. લેસર માર્કિંગ મશીન દ્વારા જુદી જુદી કંપની કે ઉત્પાદકોની ચીજ વસ્તુઓ પર બ્રાન્ડ નેમ, માપ સાઈઝ, મેન્યુફેકચરર વગેરે જેવી ડીટેલ લખી આપવામાં આવે છે. આ કામ જોબવર્કથી કરી આપીએ છીએ. હિરેનભાઈ મકવાણા તેમની વ્યવસાયક સફળતામાં આઈ.ટી.આઈ. અમરેલીનો ખૂબ મોટો ફાળો રહ્યો હોવાનું માને છે. આઈ.ટી.આઈ. ના અભ્યાસ દરમિયાનના ઈન્સ્ટ્રક્ટર વાઘેલા, સુથાર વગેરેને યાદ કરે છે, ઉપરાંત તેઓ હજુ પણ અમરેલી આઈ.ટી.આઈ. સાથે જોડાયેલા રહે છે અને જરૂરી માર્ગદર્શન પણ પ્રાપ્ત કરતા રહે છે.

**આલેખન : રોહિત બી. ઉસદડ**

### દર્દીનારાયણની સેવા નિહાળીને પ્રભાવિત થયા

## અમરેલીનાં વ્યાસ દંપતિએ ટીંબીની નિર્દોષાનંદજી હોસ્પિટલને ૧.૨૫ લાખ અર્પણ કર્યા

### ટ્રસ્ટી બી.એલ. રાજપરાએ સન્માન કર્યુ

ટીંબી, તા.૩

ટીંબી સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલનાં નિ:શુલ્ક આરોગ્ય સેવાથી પ્રભાવિત ઢસાજં આર.જે.એચ. હાઈસ્કુલનાં નિવૃત શિક્ષક તેમજ હોસ્પિટલનાં ટ્રસ્ટી ડો. નટુભાઈ રાજપરા અને બી.એલ. રાજપરાનાં આદર્શમૂર્તિ એવા અમરેલી સ્થિત સી.વી. વ્યાસ (દંપતી) તા.૩૧/૫/૨૦૨૫ના રોજ હોસ્પિટલની શુભેચ્છા મુલાકાતે આવ્યા હોસ્પિટલમાં ચાલતા સેવાકાર્યને પ્રત્યક્ષ નિહાળીને પ્રસન્નતા વ્યકત કરીને દર્દીનારાયણ સેવાર્થે સહભાગી થવાનાં શુભાશયી અંકે રૂપિયા એક લાખ પચ્ચીસ હજાર



પુરાનાં અનુદાનનો ચેક અર્પણ કરેલ છે. તેઓને ટ્રસ્ટી બી.એલ. રાજપરા અને એડમીન-પ્રશાંતભાઈ પંડયા દ્વારા સદગુરૂદેવનાં 'જીવનચરિતામૃત' ગ્રંથ અને શાલ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવેલ.

હોસ્પિટલ ટ્રસ્ટી મંડળ દ્વારા ઉદારદિલ દાતા સી.વી. વ્યાસ તથા તેમનાં પરિવારજનોનો હૃદયપૂર્વકનો આભાર માનવામાં આવેલ છે.

### આગામી ૧૧જુનને બુધવારે

## ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા નેત્રયજ્ઞ, દંતયજ્ઞ અને સર્વરોગ કેમ્પ યોજાશે

### જરૂરિયાતમંદોને લાભ લેવા અનુરોધ

ચલાલા, તા.૩

ચલાલા વિવિધ સેવાકીય કાર્યો કરનાર ચલાલાના યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ધ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ ચલાલા ખાતે આગામી તા.૧૧/૬/૨૦૨૫ બુધવારના રોજ ૨૭૯મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ તથા જિલ્લા અંધત્વ નિવારણ સમિતિના ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમ સેવા આપશે.

રાજીવ રૂપારેલીયાની યાદમાં યોજનાર આ કેમ્પમાં દર્દીઓની તપાસ કરી દવા આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકો મશીન ધ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રમણી મુકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે અને સાથે દર્દીઓને આધારકાર્ડની ઝેરોક્ષ નકલ સાથે લાવવી.

દંતયજ્ઞમાં દાતના તમામ રોગો જેવા કે દાત કાઢવા ચાંદી પુરવી વગેરેની સારવાર વિનામુલ્યે કરવામાં આવશે.

સર્વરોગ કેમ્પમાં તમામ પ્રકારના રોગો જેવા કે શ્વાસ, હરસ, મસા, ડાયાબીટીશ, પેટના રોગો, વાના રોગો વગેરેની સારવાર કરી દવા પણ વિનામુલ્યે આપવામાં આવશે.

ઉપરોકત સ્થળે દર મહિનાના બીજા બુધવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાય છે. કેમ્પમાં ઉપરોકત તમામ સારવાર વિના મુલ્યે મળશે. તો ચલાલા અને આજુબાજુના ગામોમાંથી વધુમાં વધુ લોકો લાભ લે તેવું સંસ્થાના વડા પુ. સંત ડો. રતિદાદાની એમ યાદીમાં જણાવાયું છે.

### મેનેજરોની મનમાની-દાદાગીરી સામે ઉગ્ર રોષ

## ભાવનગરમાં સસ્તા અનાજના દુકાનદારોની રેલી

### રેશનશોપ ડીલરોને જે સરકારી અનાજનો જથ્થો આપવામાં આવે છે, તેમાં સરકારી અનાજની ચોરી કરવામાં આવે છે

ભાવનગર, તા.૩

ઓલ ગુજરાત ફેર પ્રાઈસ શોપ એસોસિએશનના પ્રમુખની અધ્યક્ષતામાં ભાવનગર ખાતે આજે રેલી યોજીને કલેકટરને આવેદન આપવામાં આવ્યું હતું, જેમાં જિલ્લા પુરવઠા મામલતદાર અને જિલ્લાના ગોડાઉન મેનેજરોની મનમાની અને દાદાગીરી સામે આવેદન આપીને ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો. પ્રમુખનું કહેવું છે કે રેશનશોપ ડીલરોને જે સરકારી અનાજનો જથ્થો આપવામાં આવે છે, તેમાં સરકારી અનાજની ચોરી કરવામાં આવે છે. જેની પાછળ પુરવઠાના અધિકારીઓ જવાબદાર હોવાનું આરોપ લગાવવામાં આવ્યો હતો, આ રેલીમાં ૩૦૦ જેટલા સસ્તા અનાજના દુકાનદારો જોડાયા હતા. સાથે એ પણ ચીમકી આપી કે જો સસ્તા અનાજના દુકાનદારો સાથે આ જ પ્રમાણે અન્યાય થતો રહેશે તો આગામી સમયમાં સરકાર સામે આંદોલન કરીશું. ઓલ ગુજરાત ફેર પ્રાઈસ શોપ એસોસિએશનના પ્રમુખ રાજેન્દ્રસિંહ જાડેજાની અધ્યક્ષતામાં આજે શહેરના ટાઉનહોલથી કલેકટર કચેરી ખાતે ૩૦૦ અનાજના દુકાનદારોની હાજરીમાં વિવિધ પ્લે કાર્ડ સાથે સુત્રોચાર તેમજ વિરોધ કરીને ભાવનગર કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ આવેદનપત્રની અંદર રજૂઆત કરવામાં આવી છે કે જ્યારે સરકારી અનાજ સસ્તા અનાજની દુકાનો ઉપર પહોંચે છે, તેમાંથી ખૂબ મોટા પ્રમાણમાં સરકારી અનાજની ચોરી થાય છે. સૌથી મહત્વની બાબતો એ છે કે ટેન્ડરની શરત મુજબ કામગીરી કરવામાં આવતી નથી, નિગમ દ્વારા સમયસર અનાજનો જથ્થો પણ મળી રહ્યો નથી. આ સાથે જ વિવિધ માગોને લઈ કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી કે ગંભીર બેદરકારી દાખવનાર નાગરિક પુરવઠા નિગમ ભાવનગર જિલ્લાના પુરવઠા મામલતદાર અને ગોડાઉન મેનેજર ઉપર કડક પગલાં ભરવામાં આવે તેવી માગ કરી હતી. આ સાથે જ ઈ કેવાયસી મુદ્દે ચાલી રહેલા લડત સામે પણ ફેર પ્રાઈસ એસોસિએશનના પ્રમુખે પોતાનું વલણ સ્પષ્ટ કરીને જણાવ્યું હતું કે આ પ્રશ્ન રાજ્ય સરકાર અને લાભાર્થીનો છે, માટે સસ્તા અનાજના દુકાનદારોનું આમાં સમર્થન નથી. તાજેતરમાં જ પ્રહલાદ મોદી દ્વારા નિવેદન આપવામાં આવ્યું છે તેને ટાંકીને પણ રાજેન્દ્રસિંહ જાડેજા દ્વારા કટાક્ષ કરવામાં આવ્યો હતો અને કહેવામાં આવ્યું હતું કે પ્રહલાદ મોદી વડાપ્રધાનના ભાઈ છે તે પોતાનું એસોસિએશન છે અને પોતાની વિચારધારા છે એમનું નિવેદન એમના માટે અંગત માનીએ છીએ.

## ગાંધીનગર ખાતે એન્ટિમાઇક્રોબાયલ રેઝિસ્ટન્સ (AMR) વિષય અંગે રાજ્યકક્ષાનો વર્કશોપ યોજાયો



### IPL ફાઇનલ પહેલા સુરક્ષાની પોકળ વાતોની પોલ ખોલી

## સ્ટેડિયમના મુખ્ય પ્રવેશદ્વાર બહાર ગેસ સિલિન્ડર ફાટવાની ઘટના બની

### ગેસ સિલિન્ડર ફાટતાં અફરાતફરી મચી ગઈ આ ઘટના ત્યારે બની છે જ્યારે શહેર IPL ૨૦૨૫ ની ફાઇનલ મેચની યજમાની કરવા જઈ રહ્યું છે

અમદાવાદ, તા.૩

આજે અમદાવાદના આંગણે એક મોટી ઈવેન્ટ થવા જઈ રહી છે, ત્યારે શહેરમાં આજે એક પછી એક ચોંકાવનારી ઘટનાઓ સામે આવતા હડકંપ મચી ગયો છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ બહાર ગેસ સિલિન્ડર ફાટતાં અફરાતફરી મચી ગઈ. આ ઘટના ત્યારે બની છે જ્યારે શહેર IPL ૨૦૨૫ ની ફાઈનલ મેચની યજમાની કરવા જઈ રહ્યું છે.

આવા સંજોગોમાં સ્ટેડિયમની બહાર સિલિન્ડર બ્લાસ્ટ જેવી ઘટનાઓ સુરક્ષા એજન્સીઓ માટે લાલબત્તી સમાન છે. શું આ ગંભીર ઘટના બાદ તંત્ર સુરક્ષા વ્યવસ્થાને વધુ સઘન બનાવશે? કે પછી કોઈ મોટી દુર્ઘટના બને તેની રાહ જોવામાં આવશે? આજે અમદાવાદમાં દેશના જ નહીં, વિદેશમાંથી પણ મોટી સંખ્યામાં સહેલાણીઓ મેચ જોવા માટે ઉમટ્યા છે, ત્યારે અમદાવાદ શહેર અને તેની સુરક્ષા સામે આજે એક મોટો સવાલ છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમના મુખ્ય પ્રવેશદ્વાર બહાર ગેસ સિલિન્ડર ફાટવાની ઘટનાથી ખળભળાટ મચ્યો છે. સદનસીબે સવારનો સમય હોવાથી અને ભીડ ઓછી હોવાને કારણે મોટી જાનહાનિ ટળી છે, પરંતુ આ ઘટના ફૂટપાથ પર ખાણી-પીણી વેચતા લોકોની બેફામ બેદરકારી અને તંત્રની ઢીલી નીતિઓનો જીવતો જાગતો પુરાવો છે. સ્થાનિકો અને ફાયરબ્રિગેડે આગ પર કાબુ મેળવ્યો હતો.

વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમની બહાર, જ્યાં કરોડો લોકોની અવરજવર થવાની છે, ત્યાં આવી જોખમી ઘટના બનતા અનેક સવાલો ઉભા થયા છે. આ ઘટનાએ IPL ફાઈનલ પહેલા સુરક્ષાની પોકળ વાતોની પોલ ખોલી નાખી છે.

### કોર્પોરેશન દ્વારા આંકડા છુપાવવામાં આવતા તંત્રની પોલમપોલ ખુલી

## અમદાવાદમાં કોરોનાનાં ૫૦ કેસ, ગુજરાતમાં એક્ટિવ કેસોની સંખ્યા ૩૯૭

### દાણીલીમડાના શાહઆલમ વિસ્તારમાં રહેતી ૪૭ વર્ષીય મહિલાનું કોરોનાથી મૃત્યુ થયું છે

અમદાવાદ, તા.૩

અમદાવાદમાં કોરોનાથી ૨ મહિલાઓનાં મૃત્યુ થયા છે. અમદાવાદના દાણીલીમડાના શાહઆલમ વિસ્તારમાં રહેતી ૪૭ વર્ષીય મહિલાનું કોરોનાથી મૃત્યુ થયું છે. મહિલા હાઈપરટેન્શન અને બીપી જેવા રોગોથી પીડાતા હતા. તો બીજી બાજુ ૧૮ વર્ષની ગર્ભવતી યુવતીનું મોત થયું છે. પ્રાપ્ત વિગતો અનુસાર ૪૭ વર્ષીય મહિલાનું મોત ૪ દિવસ અગાઉ થયું હતું. કોર્પોરેશન દ્વારા આંકડા છુપાવવામાં આવતા તંત્રની પોલમપોલ ખુલી છે. શહેરમાં કોરોનાનાં ૫૦ કેસ નોંધાયા છે.

રાજકોટમાં કોરોનાનાં વધુ ૭ નવા કેસ નોંધાયા છે. જેમાં ૪ મહિલાઓ અને ૩ પુરુષોનો સમાવેશ થાય છે. ૨ દર્દીઓ સંપૂર્ણપણે સ્વસ્થ થયા છે. અત્યાર સુધીમાં કુલ કેસોની સંખ્યા ૪૦ થઈ ગઈ છે. રાજ્યમાં ૩ વર્ષ બાદ કોરોનાથી મૃત્યુ થયું હોવાનો કેસ નોંધાયો છે. સમગ્ર રાજ્યમાં કોરોના કેસમાં ગુજરાત ચોથા ક્રમે છે.

સુરતમાં કોરોના દર્દીઓની સંખ્યા ૨૫ પર પહોંચી છે. શહેરમાં વધુ ૩ લોકો કોરોના પોઝિટિવ આવ્યા છે, એક વૃદ્ધ, એક બાળક, થાઈલેન્ડથી પરત આવેલ મહિલા કોરોના પોઝિટિવ આવતા ત્રણેય દર્દીઓને ઘરમાં જ આઈસોલેશન હેઠળ રખાયા છે.

# અમરેલી ખાતે પર્યાવરણ જનજાગૃત્તિ અન્વયે લોકડાયરો-સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો






તા.૫ જૂન 'વિ પર્યાવરણ દિવસ'ના અનુસંધાને અમરેલી જિલ્લામાં જનજાગૃત્તિલક્ષી કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. અમરેલી શાંતાબા મેડિકલ ઓડિટોરિયમ હોલ ખાતે પર્યાવરણ જનજાગૃત્તિ અન્વયે લોકડાયરો-સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. 'વિ પર્યાવરણ દિવસ'ના અનુસંધાને પ્લાસ્ટિક ઉપયોગ અટકે તે માટે પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. પર્યાવરણની જાળવણીના ઉદ્દેશને સફળ બનાવવા માટે પર્યાવરણ વિષય પર નિખિલભાઈ વસાણી દ્વારા વકતવ્ય આપવામાં આવ્યુ હતુ. સિંગલ યુઝ પ્લાસ્ટિક મુકત ભારત અભિયાન અંતર્ગત વિવિધ જનજાગૃત્તિલક્ષી કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. પર્યાવરણ પ્રત્યે નાગરિકોમાં જાગૃત્તિ આવે તે માટે નાગરિકોએ સ્વયંશિસ્ત કેળવવી જરૂરી છે. સિંગલ યુઝ પ્લાસ્ટિકના કારણે પ્રદૂષણમાં સતત વધારો થઈ રહ્યો છે સાથે પ્લાસ્ટિકના કારણે પશુઓના અને માનવના આરોગ્ય પર ખતરો તોળાઈ છે. નાગરિકો જાગૃત્ત બનીને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો કાયમી ધોરણે ઉપયોગ બંધ કરે તે જરૂરી છે. અમરેલી શાંતાબા મેડિકલ ઓડિટોરિયમ હોલ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમમાં અમરેલી પ્રાંત અધિકારી એમ.જે. નાકિયા, જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ રોહિતભાઈ મહેતા, નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી નિખિલભાઈ વસાણી ઉપસ્થિત રહ્યા હતા તેમ અમરેલી જિલ્લા યુવા વિકાસ અધિકારીની એક યાદીમાં જણાવ્યુ છે.

## લોહાણા વિદ્યાર્થી ભવન આયોજિત ચર્તુવિધ મહોત્સવમાં

# અમરેલી લોહાણા મહાજન પ્રમુખપદે ડો. કાનાબારે ઉત્સાહભેર જવાબદારી સંભાળી

**છેલ્લા ૪ વર્ષથી મહાજન પ્રમુખની જવાબદારી સંભાળનાર જીતુભાઈ ગોળવાળા અને તેની ટીમનો ઋણ સ્વીકાર પણ કરાયો**

**નવનિયુકત પ્રમુખ ડો. કાનાબારની રકતતુલા અંતર્ગત ૬૩ રઘુવંશી યુવાનોનું કુલ ૧૯૫ બોટલ રકતદાન પ્રાપ્ત થયું**

**લોહાણા મહાજને કન્યા પક્ષને લગ્ન માટે વાડી વિનામૂલ્યે આપવાનો કર્યો ઐતિહાસિક નિર્ણય**

**સહકારી અગ્રણી ડોલરભાઈ કોટેચા, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્ર મશરૂ સહિતનાં દિગ્ગજો ઉપસ્થિત રહ્યા**




અમરેલી, તા. ૩

અમરેલી લોહાણા વિદ્યાર્થી ભવન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી પ્રફુલ્લભાઈ બાટવીયાના નેતૃત્વમાં ગત તા. ૧/૬ના રવિવારે લોહાણા મહાજન વાડીમાં અમરેલીના રઘુવંશી સમાજનો "ચર્તુવિધ" કાર્યક્રમ યોજાયો. જાહેર જીવનમાં જેમની ભુમિકા એક "સંત" સમાન બની રહેલ છે તેવા જૂનાગઢના પૂર્વ ધારાસભ્ય અને જૂનાગઢની સર્વોદય બ્લડ બેન્કના ચેરમેન એવા મહેન્દ્રભાઈ મશરૂ તથા સહકારી ક્ષેત્રમાં નવા શીખરો સર કરનાર ગુજરાત રાજય કો. ઓપ. એગ્રીકલ્ચર એન્ડ લેન્ડ બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાના મુખ્ય મહેમાનપદે યોજાયેલ ભવ્યાતિભવ્ય કાર્યક્રમમાં અમરેલી રઘુવંશી સમાજના સદસ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમમાં અમરેલી જીલ્લાના રઘુવંશી સમાજના ગણમાન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા. જેમાં સાવરકુંડલાના ચંદ્રેશભાઈ રવાણી, રામધામ ટ્રસ્ટના મહિલા અધ્યક્ષ શ્રીમતિ સોનલબેન વસાણી, જાણીતા ચાર્ટડ એકાઉન્ટન્ટ એ.ડી. રૂપારેલ, અગ્રણી વેપારી અને અમરેલી જીલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ પંકજભાઈ કાનાબાર, અમરેલી એકસપ્રેસના તંત્રી મનોજભાઈ રૂપારેલ, ગુજરાત રઘુવંશી ક્રાંતિ મંચના ઉપપ્રમુખ મહેશભાઈ નગદીયા, સાવરકુંડલાના લોહાણા સમાજ અગ્રણી કીર્તિભાઈ રૂપારેલ, અમરેલી લોહાણા સમાજના મોભી મહેન્દ્રભાઈ આડતીયા, અમરેલીના અગ્રણી તબીબ ડો. ડી.એમ. ઉનડકટ, નીલમ ચા વાળા પરેશભાઈ દાવડા, લોહાણા અગ્રણી અને અમરેલી જીલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ દિનેશભાઈ પોપટ, સમાજ અગ્રણી પ્રદિપભાઈ રાજપોપટ તથા અમરેલી લોહાણા વિદ્યાર્થી ભવનના ટ્રસ્ટી ડો. જીતુભાઈ વડેરાનો સમાવેશ થાય છે. મુખ્ય મહેમાનો અને અતિથિવિશેષઓના સન્માન ઉપરાંત, તાજેતરમાં બાબરા નાગરિક બેન્કમાં નવા વરાયેલ પ્રમુખ હસુભાઈ પોપટ તથા અમરેલી શહેર ભાજપના નવનિયુકત મહામંત્રી યોગેશભાઈ ગણાત્રાનું વિશિષ્ઠ સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અન્ય અતિથિઓ–શરદભાઈ આડતીયા નાદુરસ્ત તબિયતના કારણે તેમજ સાવરકુંડલા લોહાણા મહાજનના પૂર્વ પ્રમુખ ચંદુભાઈ (બધાભાઈ) સૂચક તેમના જયેષ્ઠ બંધુના અવસાનને કારણે ઉપસ્થિત રહી શકયા ન હતા. આ ઉપરાંત યજમાન અમરેલી લોહાણા મહાજનના મુંબઈ સ્થિત અન્ય ટ્રસ્ટીઓએ – પંકજભાઈ વીઠ્લાણી, મહેશભાઈ રાજા તેમજ રામભાઈ કશ્યપે કાર્યક્રમને શુભેચ્છા આપતા સંદેશાઓ મોકલ્યા હતા.

કાર્યક્રમમાં નવનિયુકત પ્રમુખ ડો. ભરતભાઈ કાનાબાર તથા તેમની ટીમના અન્ય સદસ્યો–ઉપપ્રમુખ ભાવેશભાઈ સોઢા તથા ભાવેશભાઈ વસાણી, સેક્રેટરી સતીષભાઈ આડતીયા, સહમંત્રી ભાસ્કરભાઈ જોબનપુત્રા તથા ખજાનચી રમણિકભાઈ ગઢીયાનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નવનિયુકત પ્રમુખ ડો. ભરતભાઈ કાનાબારનું અમરેલી જીલ્લાના અન્ય તાલુકા–ચલાલા, ધારી, બગસરા, લીલીયા, ગારીયાધાર, રાજુલા, સાવરકુંડલા, બાબરા, વીજપડી, કુંકાવાવ, વડીયા, દામનગર અને ખાંભા મહાજનના ટ્રસ્ટીઓએ શાલ, મોમેન્ટો તથા ફુલહારથી સન્માન કર્યુ હતું. આ ઉપરાંત રઘુવંશી સમાજની સહયોગી સંસ્થાઓ–રઘુવીર સેના, ઠકકર યુવા સંગઠન, હરિરામ સેવા ટ્રસ્ટ, અમરેલી લોહાણા કન્યા છાત્રાલય, અમરેલી લોહાણા ગેસ્ટ હાઉસ તથા લોહાણા મહાપરિષદની અમરેલી રીઝીયન શાખા દ્વારા સન્માન કરાયું હતું. આ ઉપરાંત લોહાણા સમાજના અનેક અગ્રણી અને જ્ઞાતિપ્રેમી લોકોએ ડોકટર સાહેબનું વ્યકિતગત સન્માન કર્યુ હતું. અમરેલી હવેલી ટ્રસ્ટ દ્વારા તથા અમરેલી લોહાણા વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ દ્વારા સન્માનપત્ર અને મોમેન્ટો એનાયત કરાયા હતા.

નવનિયુકત પ્રમુખના સન્માન સાથે સાથે ગત ટર્મના પ્રમુખ જીતુભાઈ સોમૈયા (ગોળવાળા)નું નવા પ્રમુખ અને વિદ્યાર્થી ભવન ટ્રસ્ટના પ્રફુલ્લભાઈ બાટવીયા અને જીતુભાઈ વડેરા દ્વારા મોમેન્ટો અને શાલથી ભવ્ય સન્માન કરાયું હતું. જીતુભાઈની સાથે સાથે તેમની ટીમના સેક્રેટરી જગદિશભાઈ સેલાણી, ઉપપ્રમુખ ભાવેશભાઈ સોઢા તથા સતીષભાઈ આડતીયા, સહમંત્રી રમણિકભાઈ ગઢીયા અને ખજાનચી ભાવેશભાઈ આડતીયાનું પણ સન્માન કરાયું હતું.

કાર્યક્રમ પાછળ જેમનો વિચાર અને દ્રષ્ટિ પડેલા હતા તેવા યજમાન સંસ્થા લોહાણા વિદ્યાર્થી ભવનના મેનેજીંગ ટ્રસ્ટી પ્રફુલ્લભાઈ બાટવીયાએ આરંભમાં સ્વાગત પ્રવચન સાથે સાથે અમરેલી લોહાણા વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ દ્વારા થતી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ તથા યુનિફોર્મ વિતરણ, ચોપડા વિતરણ, પ્રતિ વર્ષ સરસ્વતી સન્માન સમારંભ તથા જરૂરિયાતમંદ પરિવારોને રાશન કીટ અને રાહત ભાવે ઘઉંનું વિતરણ જેવી વિવિધ પ્રવૃત્તિની માહિતી આપી હતી.

મહાજન ટ્રસ્ટના પૂર્વ મંત્રી અને સ્થાપક ટ્રસ્ટી રાજુભાઈ રૂપારેલે ટ્રસ્ટના આરંભ કાળથી શરૂ કરી અત્યાર સુધીની પ્રગતિનો અહેવાલ રજુ કર્યો હતો.

મુખ્ય મહેમાન ડોલરભાઈ કોટેચાએ લોહાણા જ્ઞાતિમાં આક્રમકતા અને સાહસિકતા હોય છે પણ ઘણીવાર સંગઠનમાં જરૂરી એકતાના અભાવને કારણે ઘણાં લોકો પ્રગતિ કરી શકતા નથી તે માટે દુઃખ વ્યકત કરી, અમરેલી લોહાણા સમાજ નવનિયુકત પ્રમુખ ડો. ભરતભાઈ કાનાબારના નેતૃત્વમાં પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

કાર્યક્રમના પ્રારંભમાં પ્રાર્થના તરીકે વોઈસ ઓફ લતા મંગેશકર તરીકે પ્રખ્યાત એવા સીંગર હંસાબેન ગજજરે તેમના સુરીલા કંઠમાં "સત્યમ્ શિવમ સુંદરમ" ગીત ગાઈ ઉપસ્થિત લોકોને ભાવવિભોર કરી દીધા હતા. એજ રીતે કાર્યક્રમના મધ્યમાં, "ઓપરેશન સિંદુર" બાદ ભારતમાં પ્રવર્તિ રહેલ લોકોની લાગણીઓને લક્ષમાં રાખી "એ મેરે વતન કે લોગો"ને રજુ કર્યુ ત્યારે સભાખંડમાં ઉત્કટ દેશપ્રેમનો એક અદભૂત માહોલ ઉભો થઈ ગયો.

કાર્યક્રમના અન્ય મુખ્ય મહેમાન મહેન્દ્રભાઈ મશરૂએ નવનિયુકત પ્રમુખ ડો. ભરતભાઈ કાનાબાર જયારે જૂનાગઢ ભાજપના પ્રભારી હતા ત્યારના તેમની સિધ્ધાંત નિષ્ઠા અને પ્રામાણિકતાના અનુભવોને યાદ કરી ડો. કાનાબારને એક કડક શિક્ષક ગણાવ્યાં હતા. જરા પણ ખોટું નહિં ચલાવી લેવાના તેમના સ્વભાવનો તથા લોકસેવા કરવાના તેમના અનુભવનો લાભ અમરેલી રઘુવંશી સમાજને મળશે તેવી ખાત્રી આપી હતી.

વિવિધ જ્ઞાતિ સંસ્થાઓ, જીલ્લાભરના રઘુવંશી સમાજોના પ્રતિનિધિઓ તથા જ્ઞાતિ અગ્રણીઓ દ્વારા થયેલ ભવ્યાતિભવ્ય સન્માનના પ્રત્યુત્તરમાં ડો. કાનાબારે પ્રમુખ તરીકેની તેમની વરણીને કોઈ પદ કે સત્તા નહિં પણ ચુનોતિ છે તેવા વાજપાઈજીના પ્રખ્યાત શબ્દો યાદ કરી, અમરેલી શહેરના ૯૦૦ જ્ઞાતિ પરિવારો હવે આજથી મારાં પરિવારો છે તેવી ભાવના વ્યકત કરી હતી. આ ઉપરાંત, તેમના અધ્યક્ષ સ્થાને મળેલ મહાજન ટ્રસ્ટની પ્રથમ મીટીંગમાં લેવાયેલ જ્ઞાતિહિતના કેટલાંક નિર્ણયો જાહેર કરતાં જણાવ્યું હતુ કે હવે કોઈ પણ કન્યા પક્ષના પરિવારનો સગાઈ કે લગ્ન પ્રસંગ હશે તેમાં એક પણ રૂપિયાનું વાડીનું ભાડુ લેવાશે નહી, જ્ઞાતિની અન્ય સંલગ્ન સંસ્થાઓ દ્વારા જ્ઞાતિ માટે થતાં કાર્યક્રમો માટે પણ કોઈ ભાડું લેવાશે નહીં અને નજીકના ભવિષ્યમાં લાઈટબીલમાં બચત થાય તે માટે જરૂરી ક્ષમતા વાળું સોલાર અને ભોજનખંડને એસી બનાવવા માટેનો નિર્ધાર જાહેર કર્યો હતો. મહાજનના અગાઉના દિવંગત શ્રેષ્ઠીઓને યાદ કરી ફોટાવાળું વિશાળ બેનર બનાવ્યું છે તેનો ઉલ્લેખ કરી અગાઉના મહાજનની પ્રવૃત્તિને બિરદાવી હતી.

કાર્યક્રમમાં ડો. કાનાબાર સાહેબની રકતતુલા માટે તા. ૨૯, ૩૦, ૩૧ એમ ત્રણ દિવસ રકતદાન કેમ્પોનું આયોજન કરાયેલું હતુ જેમાં ૬૩ રઘુવંશી યુવાનો સહિત કુલ ૧૯૫ લોકોએ રકતદાન કર્યુ હતું. આ રકતદાન કેમ્પોને સફળ બનાવવામાં યોગેશભાઈ ગણાત્રા, પ્રિતેશભાઈ માનસેતા અને મેહુલભાઈ વડેરાએ ખુબ જહેમત ઉઠાવી હતી. રકતતુલાના કાર્યક્રમના સંકલનમાં રેડક્રોસ અમરેલી સંસ્થાના મધુભાઈ આજુગીયા, નયનભાઈ જોષી (બેદી), ચેતનભાઈ રાવળ તથા તુલસીભાઈ મકવાણાએ ખુબ જહેમત ઉઠાવી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરેલી જીલ્લા રઘુવીર સેનાના પ્રમુખ વિશાલભાઈ સોઢા તથા શહેર પ્રમુખ મોન્ટુભાઈ સોનપાલની મહત્વની ભૂમિકા રહી હતી. શહેરના જ્ઞાતિબંધુઓને ટેલીફોનીક મેસેજથી નિમંત્રણ આપવામાં પ્રિતેશભાઈ માનસેતા સાથે હિતેષભાઈ પોપટ, યોગેશભાઈ ગણાત્રા, કિરીટભાઈ કાનાણી, રવિભાઈ ભીમજીયાણી, યોગેશભાઈ કોટેચા તથા સાદરાણીએ જહેમત ઉઠાવી હતી. સમારંભનું ખુબ જ સફળ સંચાલન પ્રફુલ્લભાઈ ઠાકર તથા શ્રીમતિ જીજ્ઞાબેન ઠકરારે કર્યુ હતું.

સમારંભ સમયે સ્ટેજ સંચાલન તથા અન્ય વ્યવસ્થામાં અંકુર ખખ્ખર, પુનિત માનસેતા, જીગ્નેશ પોપટ, અમિત સેલાણી, રાજ સંઘાણી, મેહુલ વડેરા, ધ્રુવિલ સેલાણી, યશ ખીરયા, ભવ્ય ખાલપાડા, વિમલ સેજપાલ, કેતન ભુપતાણી, અર્જુનભાઈ ગઢીયા, બિરજુભાઈ અટારા, ઉમંગ ભુપતાણી, પ્રિતેશ પોપટ, ભવ્ય સાદરાણી, ગૌરવ મસરાણી, ધવલભાઈ સોઢા, યશ પ્રિતેશભાઈ માનસેતા તથા ક્રિશ ખાલપડાએ મહત્વની ભુમિકા ભજવી હતી. સમારંભ સ્થળે રેડક્રોસ બ્લડ બેંકના સૌજન્યથી બ્લડ ગ્રુપીંગ તથા કાકડીયા લેબોરેટરીના સહકારથી બ્લડ સુગર ચેક કરવાનું આયોજન કરાયેલ જેનો ૧૦૦થી વધુ લોકોએ લાભ લીધો હતો.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)